dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-67 | AD -2025, Magshar Vad -06 | Wednesday, Dt.10-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### જ્યારે સુવર્ણ જયંતિ ઉજવાઈ રહી હતી, ત્યારે નહેરુજીએ વંદે માતરમના ટુકડા કરી દીધા : અમિત શાહ

# રાજ્યસભામાં 'વંદે માતરમ'ને લઈ કેન્દ્રીય ગૃહમંત્રીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા

નવીદિલ્હી,તા. ૦૯

રાષ્ટ્રીય ગીત વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે મંગળવારે રાજ્યસભામાં ચર્ચા થઈ રહી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ચર્ચા શરૂ કરી. પોતાના સંબોધનમાં અમિત શાહે કહ્યું, આ મહાન ગૃહમાં વંદે માતરમની ભાવના, તેની પ્રશંસા અને તેની અમરતા વિશે ચર્ચા થવી જોઈએ. આ ચર્ચા દ્વારા, આપણા દેશના બાળકો, કિશોરો અને યુવાનોએ આવનારી પેઢીઓ માટે સ્વતંત્રતામાં વંદે માતરમના યોગદાનને યાદ રાખવું જોઈએ. આપણી ભાવિ પેઢીઓ પણ વંદે માતરમની રચનામાં પ્રતિબિંબિત રાષ્ટ્ર પ્રત્યે સમર્પણની ભાવના અને ભાવિ ભારતના નિર્માણમાં તેના યોગદાનથી પ્રભાવિત થાય. તેથી, હું દરેકને અભિનંદન આપું છું કે આજે ગૃહમાં આ ચર્ચા થઈ રહી છે."

તેમણે કહ્યું, "જ્યારે વંદે માતરમ પર ચર્ચા થઈ રહી હતી, ત્યારે ગઈકાલે લોકસભામાં કેટલાક સભ્યોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે આજે વંદે માતરમ પર ચર્ચા કરવાની જરૂર કેમ છે. વંદે માતરમ પર ચર્ચાની જરૂર એ વંદે માતરમ પ્રત્યે સમર્પણની જરૂર છે. વંદે માતરમ જ્યારે રચાયું ત્યારે તે અસ્તિત્વમાં હતું, તે સ્વતંત્રતા સમયે પણ અસ્તિત્વમાં હતું, તે આજે પણ અસ્તિત્વમાં છે, અને તે ૨૦૪૭માં પણ અસ્તિત્વમાં રહેશે જ્યારે આધુનિક ભારત સ્થાપિત થશે. કારણ કે વંદે માતરમમાં ફરજ અને દેશભક્તિની ભાવના છે. તેથી જે લોકો વંદે માતરમની



ચર્ચા કરવાનું કારણ સમજી શકતા નથી તેઓએ નવેસરથી વિચારવાની જરૂર છે."

શાહે કહ્યું, "આ ગીત, આ વંદે માતરમ ગીત, ભારત માતાને ગુલામીની સાંકળોથી મુક્ત કરવાનું સૂત્ર બન્યું. તે સ્વતંત્રતાની ઘોષણા માટેનું સૂત્ર બન્યું. તે સ્વતંત્રતા સંગ્રામ માટે પ્રેરણાનો એક મહાન સ્રોત બન્યું." અને જ્યારે શહીદો સર્વોચ્ચ બલિદાન આપે છે, ત્યારે તેઓ તેમના આગામી જીવનમાં ભારતમાં જન્મ લેવા અને વંદે માતરમ દ્વારા પોતાનું બલિદાન આપવા માટે પ્રેરિત થાય છે. સંસદના બંને ગૃહોમાં વંદે માતરમની ચર્ચા અને તેના મહિમા દ્વારા, આપણા બાળકો, કિશોરો, યુવાનો અને આવનારી પેઢીઓ તેનું મહત્વ સમજશે અને તેને રાષ્ટ્રના પુનર્નિર્માણનો પાયો બનાવશે. "ગઈકાલે, મેં ઘણા કોંગ્રેસ સભ્યોને પ્રશ્ન કરતા જોયા કે આજે વંદે માતરમ પર ચર્ચા કરવી કેમ જરૂરી હતી અને તેને રાજકીય ચાલ ગણાવી રહ્યા હતા. કોઈ મુદ્દાઓ પર ચર્ચા કરવાથી ડરતું નથી; અમે સંસદનો બહિષ્કાર કરતા નથી. જો સંસદને કામ કરવાની મંજૂરી આપવામાં આવે, તો દરેક મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. અમે કોઈથી ડરતા નથી અને કંઈપણ છુપાવતા નથી. જો સંસદને કામ કરવાની મંજુરી આપવામાં આવે, તો દરેક મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. પરંતુ વંદે માતરમ પર ચર્ચામાં વિલંબ કરવાનો આ પ્રયાસ યોગ્ય નથી."

વંદે માતરમને ૧૫૦ વર્ષ પૂર્ણ થયા છે. જ્યારે વંદે માતરમ તેની ૫૦મી વર્ષગાંઠ ઉજવી રહ્યું હતું, ત્યારે દેશ હજુ આઝાદ થયો ન હતો. ૧૯૩૭માં, જ્યારે સુવર્ણ જયંતિ ઉજવાઈ રહી હતી, ત્યારે નહેરુજીએ વંદે માતરમના ટુકડા કરી દીધા હતા. ૫૦મી વર્ષગાંઠ પર, વંદે માતરમ તૂટી ગયું હતું. અહીંથી તુષ્ટિકરણ શરૂ થયું અને વિભાજનના બીજ વાવ્યા. કોંગ્રેસને ગમે કે ન ગમે, જો વંદે માતરમના નામે કોઈ તુષ્ટિકરણ ન હોત, તો દેશ એક હોત.

# નાગરિકોને સસ્તો ઉર્જા પુરવઠો પુરો પાડવો એ સરકારની પ્રાથમિકતા : વિદેશ મંત્રાલય

નવીદિલ્હી,તા. ૦૯

કેન્દ્ર સરકારે ફરી એકવાર પુનરોચ્ચાર કર્યો કે ઉર્જા ખરીદીના નિર્ણયો રાષ્ટ્રીય હિતો, વૈશ્વિક બજાર ગતિશીલતા અને ૧.૪ અબજ નાગરિકોને સસ્તી ઉર્જા પુરી પાડવાની જરૂરિયાત દ્વારા સંચાલિત થાય છે.



વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સાપ્તાહિક મીડિયા બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે ભારતીય કંપનીઓના તેલ અને અન્ય ઉર્જા પુરવઠો ખરીદવાના નિર્ણયો ફક્ત વ્યાપારી વિચારણાઓના આધારે છે. પશ્ચિમી દેશોના ભૂ-રાજકીય દબાણ છતાં રશિયા પાસેથી ઊર્જા પુરવઠો ચાલુ રાખવાના પ્રશ્નના જવાબમાં આ નિવેદન આવ્યું છે.

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતના ઝડપથી વિકસતા અર્થતંત્ર માટે સ્થિર અને અવિરત ઊર્જા સપ્લાયર તરીકે રશિયાની સતત સ્થિતિને પુષ્ટિ આપ્યા પછી રણધીર જયસ્વાલની ટિપ્પણી આવી છે. પુતિને ગયા અઠવાડિયે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે આપણે ઊર્જામાં સફળ ભાગીદારી જોઈ રહ્યા છીએ.

રશિયા તેલ, ગેસ, કોલસો અને ભારતના ઉર્જા વિકાસ માટે જરૂરી દરેક વસ્તુનો વિશ્વસનીય સપ્લાયર છે. દરમિયાન, દક્ષિણ એશિયાના વિશ્લેષક માઈકલ કુગેલમેન સલાહ આપે છે કે યુક્રેન સંઘર્ષથી ઉદ્ભવતા ભૂ-રાજકીય દબાણ વચ્ચે ભારતે રશિયા સાથેના તેના ઉર્જા સંબંધો અંગે ખુબ સાવધ રહેવું જોઈએ.

# ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં ઓફિસ બિલ્ડીંગમાં આગ લાગતા ૨૦ લોકો ભડથુ

જકાર્તા,તા.૦૯

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં ૯ ડિસેમ્બરે એક મોટી દુર્ઘટના બની છે. મધ્ય જકાર્તાના રહેણાંક અને વ્યાપારી વિસ્તારમાં આવેલી એક સાત માળની ઓફિસ બિલ્ડિંગમાં ભયાનક આગ લાગતા ઓછામાં ઓછા ૨૦ લોકોનાં મોત થયા છે. સ્થાનિક ચેનલ કોમ્પાસ ટીવીએ આ દુર્ઘટનામાં ૨૦ લોકોના મોતની પુષ્ટિ કરી છે, જેમાં પાંચ પુરુષ અને ૧૫ મહિલાઓનો સમાવેશ થાય છે. કેટલાક લોકોના મોત ગુંગળામણને કારણે થયા છે.



આ ભીષણ આગ બપોરના સમયે લાગી હતી, જેના કારણે આખી ઈમારતમાંથી ધુમાડાના ગોટેગોટા આકાશમાં ફેલાઈ ગયા હતા. આસપાસના લોકો અને ઓફિસ કર્મચારીઓમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગ લાગવાનું કારણ અને કાર્યવાહી પોલીસના જણાવ્યા અનુસાર, આગની શરૂઆત ઈમારતના પહેલા માળે રાખેલી બેટરીઓમાંથી થઈ હતી. કર્મચારીઓએ શરૂઆતમાં આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેના પર કાબુ મેળવી શકાયો નહોતો. બેટરીઓમાં લાગેલી આગ ઝડપથી ફેલાઈને સાતમા માળ સુધી પહોંચી ગઈ હતી.આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમને ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. ઘણા કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લેવાયો છે. બચાવ કામગીરી અને મૃત્યુઆંક મીડિયા રિપોર્ટ અનુસાર, હાલ પણ કેટલાક લોકો ઈમારતની અંદર ફસાયેલા હોવાની આશંકા છે, જેના કારણે મૃત્યુઆંક વધવાની શક્યતા છે.

# બિહારમાં એનડીએની જીત બદલ તમામ સાંસદોએ પીએમ મોદીનું સન્માન કર્યુ

નવીદિલ્હી,તા. ૦૯

સંસદ ભવનમાં શાસક ગઠબંધનના સાંસદોની બેઠકમાં,બિહાર વિધાનસભાની ચુંટણીમાં જીત માટે પીએમ મોદીને "વિજય માળા"થી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસદ ભવનમાં તમામ શાસક ગઠબંધનના સાંસદોની બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સન્માન કરવામાં આવ્યું. કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ, અમિત શાહ અને ભાજપ પ્રમુખ જેપી નડ્ડા સહિત અનેક વરિષ્ઠ નેતાઓ બેઠકમાં હાજર રહ્યા



હતા. જેડીયુ નેતા સંજય ઝા અને રાષ્ટ્રીય લોક મોરચાના વડા ઉપેન્દ્ર કુશવાહાએ વડા પ્રધાન મોદીને માળા અર્પણ કરીને સન્માનિત કર્યા.

એનડીએ સંસદીય પક્ષની બેઠકમાં, પીએમ મોદીએ નીતિશ કુમારને બિહારમાં એનડીએના પ્રચંડ વિજયના શિલ્પી ગણાવ્યા. પ્રધાનમંત્રીએ એનડીએ સાંસદોને બજેટ પર પ્રતિક્રિયા આપવા અને તેમના મતવિસ્તારમાં કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લેવા વિનંતી કરી.

બિહારના એનડીએ નેતાઓનું એક પ્રતિનિધિમંડળ રાજ્યમાં ગઠબંધનની ઐતિહાસિક જીત બદલ તેમને અભિનંદન આપવા માટે પ્રધાનમંત્રીને મળ્યું હતું. બેઠકમાં, પ્રધાનમંત્રીએ સાંસદોને કહ્યું કે "મહાન વિજય સાથે મોટી જવાબદારી આવે છે" અને દરેકને લોકોના કલ્યાણ માટે વધુ ઉત્સાહ સાથે કામ કરવા વિનંતી કરી.

સંસદના શિયાળુ સત્ર દરમિયાન, આજે સંસદ સંકુલમાં રાષ્ટ્રીય લોકશાહી જોડાણ પક્ષોના સાંસદોની બેઠક યોજાઈ હતી. કેન્દ્રીય મંત્રી કિરન રિજિજુએ બેઠક પછી એનડીએ સંસદીય પક્ષને માહિતી આપી. તેમણે કહ્યું, "આજની બેઠકમાં, બધા એનડીએ નેતાઓએ બિહાર ચુંટણીમાં એનડીએની જીત બદલ પીએમ મોદીને અભિનંદન આપ્યા. પીએમ મોદીએ બધા એનડીએ સાંસદોને તેમના સંબંધિત મતવિસ્તારો માટે કામ કરવા માર્ગદર્શન આપ્યું. તેમણે જનતા માટે જીવન સરળ બનાવવા અને તેમને કોઈ સમસ્યા ન થાય તે સુનિશ્ચિત કરવા માટે તમામ ક્ષેત્રોમાં સુધારા પર ભાર મુક્યો. પીએમએ કહ્યું કે કાયદાઓ લોકોને મદદ કરવા જોઈએ. તેમણે સાંસદોને યુવાનો સાથે જોડાવા હાકલ કરી."









# કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે નોટીસ ફટકારી

નવીદિલ્હી,તા.૦૯

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ભુતપૂર્વ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને નોટિસ ફટકારી છે. ભારતીય નાગરિકતા વિના મતદાર યાદીમાં નામ સામેલ કરવાના આરોપમાં દાખલ કરાયેલી રિવિઝન અરજી પર કોર્ટે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને દિલ્હી પોલીસને નોટિસ ફટકારી છે. રિવિઝન અરજી વકીલ વિકાસ ત્રિપાઠી દ્વારા દાખલ કરવામાં આવી હતી.

અરજદાર વિકાસ ત્રિપાઠીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ પવન નારંગે દલીલ કરી હતી કે આ કેસ પર પુનર્વિચાર કરવાની જરૂર છે કારણ કે રેકોર્ડ પરના દસ્તાવેજો સૂચવે છે કે સોનિયા ગાંધી ભારતીય નાગરિક બનતા પહેલા મતદાર યાદીમાં તેમનું નામ કેવી રીતે સમાવવામાં આવ્યું હતું. સેશન્સ જજ વિશાલ ગોગણેએ દલીલો સાંભળ્યા પછી, સોનિયા ગાંધીને નોટિસ જારી કરી. રાજ્ય વતી ફરિયાદીએ નોટિસ સ્વીકારી. કોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે સુધારામાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવા માટે ટ્રાયલ કોર્ટ રેકોર્ડને સમન્સ મોકલવામાં આવે.




### રત્નકલાકારોએ એકત્ર થઈ ખાનગી શાળા સામે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી

# કરીયાણા ગામે ખાનગી શાળાના સંચાલકો ફીની રકમ ચાઉં કરી ગયા હોવાનો આક્ષેપ

અમરેલી,તા.૦૯



બાબરા તાલુકાના કરીયાણા ગામે આવેલ ચાણક્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા સામે વાલીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો. શાળા ખાતે ધસી ગયેલા વાલીઓએ આક્ષેપ કર્યો હતો કે શાળાના સંચાલકો દ્વારા ધારાધોરણ કરતા વધુ ફી વસુલ કરવામાં આવી રહી છે. એટલું જ નહી વિદ્યાર્થીઓને માત્ર કાચી પહોંચ આપવામાં આવે છે. શાળા દ્વારા સ્કુલ ફી લીધા બાદ પાકી પહોંચ પણ આપવામાં આવતી નથી. આ મુદ્દે ગામના વાલીઓ એવા રત્નકલાકારોએ એકઠા થઈ સરકારી સહાયની આવેલી રકમને બાદ કરતા વધારાની રકમ શાળા આપતી ન હોવાનો આક્ષેપ કર્યો હતો, અને શાળા પરિસરમાં સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. સ્કુલ સંચાલક વિપુલ ગડમલીયાએ જણાવ્યું હતું કે "વાલીઓને સમજણ ફેર થઈ છે. અમે એફઆરસીના હુકમ મુજબ જ ફી વસુલી છે, અને દરેક વાલીને તેની પહોંચ પણ આપી છે. ખાનગી શાળા સ્કૂલ ફી લેવામાં ગોલમાલ કરતી હોવાનો પણ આક્ષેપ વાલીઓએ કર્યો હતો. આ અંગે વાલીઓએ જિલ્લા કલેકટર અને શિક્ષણ વિભાગમાં પણ રજૂઆત કરી છે.આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલે જણાવ્યું હતું કે રાજય સરકારે રત્નકલાકારો માટે ગ્રાન્ટ જાહેર કરી હતી જે જિલ્લા ઉદ્યોગ મારફતે શાળાને આપવામાં આવી હતીં જેથી આ બાબતે જિલ્લા ઉદ્યોગ વિભાગ તપાસ કરી રહી છે.

# લીલીયામાં ભુગર્ભ ગટરની નબળી કામગીરી બાબતે ડીડીઓએ સુપવાઈઝરને ખખડાવ્યો

મોટા લીલીયા,તા.૦૯



લીલીયા મોટા ખાતે અગાઉ કરોડોના ખર્ચે થયેલી ભૂગર્ભ ગટર યોજના નિષ્ફળ નીવડતાં ગ્રામજનો દાયકાથી મુશ્કેલી વેઠી રહ્યા છે. વેપારી અગ્રણી દ્વારા નામદાર હાઈકોર્ટમા PIL દાખલ થતાં, ભૂગર્ભ ગટરના રિનોવેશન માટે સરકારે રૂ.૧૧ કરોડની ગ્રાન્ટ ફાળવી છે. જોકે, રિપેરિંગનું કામ શરૂ થતાં જ કોન્ટ્રાક્ટર દ્વારા સરકારી ધારાધોરણ મુજબ કામગીરી ન થતી હોવાની ફરિયાદો ઊઠી હતી. આ ફરિયાદોના પગલે આજે સવારે DDO પરિમલ પંડ્યાએ લીલીયા ખાતે સરપ્રાઈઝ વિઝિટ કરી હતી. પટેલ નગર વિસ્તારમાં નિરીક્ષણ દરમિયાન, DDO ને કામગીરી નબળી જણાતાં તેમણે કોન્ટ્રાક્ટરના સુપરવાઈઝરને ઉધડો લીધો હતો. આ સમયે, જવાબદાર સરકારી સુપરવાઈઝર કે કર્મચારીઓ સ્થળ પર ડોકાયા નહોતા.

# બાબરાના અમરાપરાની મોતીબાગ સોસાયટીમાં વિવિધ સમસ્યાના નિરાકરણ માટે સ્થાનિકોની માંગણી

અમરેલી,તા.૦૯



તસવીર : વિજય માલી

બાબરાના અમરાપરાના ગ્રામજનો દ્વારા ગામના સરપંચ, ઉપસરપંચ તથા મંત્રીને મહત્વની રજુઆત કરવામાં આવી છે. મોતીબાગ સોસાયટી ખાતે છેલ્લા લગભગ ૩૩ વર્ષથી ૧-૨ શેરીને બાદ કરતાં બાકીની તમામ શેરીઓમાં રોડ નથી. આ ઉપરાંત, અનેક શેરીઓમાં GEBની ઈલેવન લાઈન સીધી રોડ ઉપરથી પસાર થતી હોવાને કારણે સ્થાનિક નાગરિકોને ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કેટલાક મકાનોની ઉપરથી વીજ લાઈન પસાર થતી હોવાથી સુરક્ષા સંબંધિત પ્રશ્નો ઊભા થયા છે.

સોસાયટી વિસ્તારમાં ઉકરડા તથા ગંદકીની તાત્કાલિક સફાઈની માંગણી છે. ગ્રામજનોની માગણી છે કે, રસ્તા, વીજ લાઈન વ્યવસ્થાપન તથા સફાઈ સંબંધિત કામગીરીને પ્રાથમિકતા આપીને તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે.

# દારૂ પી ઘરે આવતા હોવાથી દલખાણીયા ગામે પત્નીએ પતિને પાઈપ વડે ફટકાર્યો

અમરેલી,તા.૦૯



ધારી તાલુકાના દલખાણીયા ગામે ઘરેલુ વિવાદે હિંસક રૂપ ધારણ કર્યું હતું. જેમાં પત્નીએ તેના પતિ ભરતભાઈ કાળુભાઈ મકવાણા પર પાઈપ વડે હુમલો કર્યો હતો, જેમાં ભરતભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, પતિ ભરતભાઈ નિયમિતપણે દારૂ પીને ઘરે આવતા હોવાથી પત્ની અવારનવાર ઉશ્કેરાઈ જતી હતી.

આ જ બાબતને લઈને બંને વચ્ચે ઝઘડો થયો હતો, જેમાં પત્નીએ ગુસ્સામાં આવીને પાઈપથી હુમલો કર્યો હતો.હુમલા બાદ ઈજાગ્રસ્ત ભરતભાઈને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ધારીની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે ધારી પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

# અમરેલી જિલ્લામાં દુકાન, મકાન ભાડે આપનારાઓએ પોલીસને જાણ કરવી

**જાહેરનામાનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે**

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં મકાન, દુકાન, ઔદ્યોગિક એકમ, ઓફિસ, ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ વગેરે જગ્યા ભાડે આપતા સમયે માલિકે ભાડુઆત પાસેથી આધાર-પુરાવા મેળવીને સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવી. જગ્યાના માલિકે સંબંધિત પોલીસ સ્ટેશનમાં નિયત નમુના મુજબની વિગત દર્શાવતું ફોર્મ ભરી તેમાં જરુરી વિગતો પુરી પાડવી. અમરેલી જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. આ હુકમનો ઉલ્લંઘન કરનાર સામે કાનુની કાર્યવાહી થશે તથા તે હેઠળ શિક્ષાપાત્ર થશે. આ હુકમ અન્વયે ફરજ પરના હેડ કોન્સ્ટેબલ તથા તેઓની ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીઓને હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. જાહેરનામું સમગ્ર અમરેલી જિલ્લામાં તા.૨૯.૦૧.૨૦૨૬ સુધી અમલી રહેશે.

# રાજુલામાં તા.૮ જાન્યુઆરીના રોજ રક્તદાન અને સર્વરોગ નિદાન કેમ્પ

**રક્તદાતાઓને રક્તદાન કરવા તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને નિદાન કેમ્પનો લાભ લેવા સાગર સરવૈયાનો અનુરોધ**

રાજુલા,તા.૦૯

રાજુલા ખાતે આગામી તા.૮ જાન્યુઆરીના રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વ. દિનેશભાઈ લાલજીભાઈ સરવૈયાની ૧૦મી પુષ્ણતિથિ નિમિત્તે આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જરૂરીયાતમંદ દર્દીઓને રક્તની અછત ન પડે તે માટે શ્રી બાપા સીતારામ સેવા સમિતિ રાજુલા દ્વારા આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથોસાથ આ જ દિવસે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાન કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લેવા માટે આયોજક સાગર સરવૈયાએ અનુરોધ કર્યો છે.

# અમરેલીમાં હોમગાર્ડ સ્થાપના દિવસે બાબરાના ગૌસેવક મૌલિક તેરૈયાને સન્માનિત કરાયા

અમરેલી,તા.૦૯



અમરેલીમાં હોમગાર્ડના સ્થાપના દિવસ નિમિત્તે તાજેતરમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં હોમગાર્ડ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન ઉત્તમ સેવાકાર્ય અને શિસ્તબદ્ધ કામગીરી માટે વિવિધ હોમગાર્ડ કમાન્ડોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે જિલ્લા હોમગાર્ડ કમાન્ડર રોહિત મહેતાના હસ્તે બાબરા તાલુકાના ગૌસેવક અને હોમગાર્ડ મૌલિકભાઈ તેરૈયાનું સન્માન કરવામાં આવ્યું હતું. મૌલિકભાઈની સતત સેવા, સમર્પણભાવ અને ગૌરક્ષા ક્ષેત્રે કરેલ સેવાઓને પગલે તેમને વિશેષ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વડિયા શહેરની સિટી સર્વે ઓફિસમાં ડિજિટલ ગુજરાત અભિયાનનો ફિયાસ્કો

વડિયા,તા.૦૯



વડિયામાં મામલતદાર ઓફિસમાં ઉપરના માળે સિટીસર્વેની ઓફિસ કાર્યરત છે. ડિજિટલ ગુજરાતના માધ્યમથી મોટાભાગની ઓફિસોમાં પેપરલેસ કામગીરી થાય છે. આ રીતે મોટાભાગની ઓનલાઈન કામગીરી સિટી સર્વે ઓફિસમાં પણ કરવાની હોય છે. પરંતુ આ ઓફિસમાં જાણે ડિજિટલ ગુજરાતનો ફિયાસ્કો થતો હોય ત્યાં મોનિટર છે પણ સીપીયું ના હોવાથી કોઈ પ્રિન્ટ નીકળતી નથી. ઓનલાઈન કામગીરી કરવા અધિકારી લોકોના ડોક્યુમેન્ટ અમરેલી લઈ જઈને ત્યાંથી કામગીરી કરીને પછી લોકોને અપાતી પ્રિન્ટ છેક આઠ દિવસે આપવા મજબુર બંને છે. એટલે વડિયાની સિટીસર્વે ઓફિસમાં સરકારે ફાળવેલા કમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન જાણે શોભાના ગાંઠિયા સમાન બની ગયા હોય તેવું જોવા મળી રહ્યું છે. લોકોની હાલાકી બાબતે ફરજ પરના અધિકારીને પૂછતાં તેમણે પણ એવું જણાવ્યું હતુ કે, આ ઓફિસમાં કમ્પ્યુટર ચાલતું નથી, ઝેરોક્ષ મશીન ચાલતું નથી લોકોના ડોક્યુમેન્ટ અમરેલી લઈ જઈ કામગીરી કરવી પડે છે

# અમરેલી સિટી પોલીસે ચોરીના મોબાઈલ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો

અમરેલી,તા.૦૯



અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર ડી.કે.વાઘેલાની રાહબરી હેઠળ સર્વેલન્સ ટીમ દ્વારા નોંધાયેલા મોબાઈલ ચોરીના ગુનામાં એક શખ્સની મોબાઈલ ફોન સાથે ધરપકડ કરી હતી. ટીમ દ્વારા ટેક્નિકલ સોર્સના આધારે અનડિટેક્ટ રહેલ ગુન્હો ડિટેક્ટ કરીને ચોરી કરેલા સેમસંગ કંપનીનો A૧૫ મોડેલનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂ.૧૯,૫૦૦ના મોબાઈલ ફોન સાથે વિજયભાઈ વિક્રમભાઈ માથાસુરીયા (ધંધો-મજુરી, રહે. અમરેલી, બ્રામ્હણ સોસા,રેલ્વે પાટા સામે)ને પકડી લીધો હતો.

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે જિલ્લામાં આવા અનડિટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરી આરોપી તથા મુદ્દામાલ ત્વરીતપણે પકડી પાડવા સુચના આપેલ છે. જે અન્વયે અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ છે.









# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ડૉ. આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસે શ્રદ્ધાસુમન અર્પણ

**અતુલ કાનાણીએ બાબાસાહેબના યોગદાનને મહત્વનું ગણાવી શાબ્દિક ભાવાંજલિ અર્પણ કરી**



અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટી અને જિલ્લા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૬૯મા મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે શ્રદ્ધાસુમન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પક્ષના વરિષ્ઠ આગેવાનોએ ઉપસ્થિત રહી બાબાસાહેબના જીવન અને કાર્યોને યાદ કર્યા હતા. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ ઉપસ્થિત મહેમાનો અને કાર્યકર્તાઓનું સ્વાગત કર્યું હતું અને ભારત રાષ્ટ્ર માટે બાબાસાહેબના યોગદાનને મહત્વનું ગણાવી શાબ્દિક ભાવાંજલિ અર્પણ કરી હતી. બેઠક પૂર્ણ થયા બાદ જિલ્લા ભાજપ કાર્યાલયથી ડૉ. આંબેડકરની પ્રતિમા સુધી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ પદયાત્રા કરી હતી અને પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# વીજપડી ગામે એસ.ટી.બસ સાથે થયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું કરૂણ મોત

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે બસ સ્ટેન્ડ પાસે સોમવારે સાંજે એસટી બસ અને ટુ-વ્હીલર વચ્ચે થયેલા ભયાનક અકસ્માતમાં બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ રાઘવભાઈ પાંચાભાઈ વેકરીયા રહે. જાંબુડા ગામ તરીકે થઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, રાઘવભાઈ ખરીદી કામે વિજપડી આવ્યા હતા અને પરત જતા આ દુર્ઘટના સર્જાઈ હતી. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. ઘટનાથી આ વિસ્તારમાં શોકનો માહોલ છવાયો છે.



તસવીર : સૌરભ દોશી

**મૃતક ખરીદી માટે વીજપડી ગામે આવ્યા હતા અને પરત જતી વખતે સર્જાઈ કરૂણાંતિકા**

# જાહેરનામુ : પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેનને નોકરી પર રાખી શકાશે નહી

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં કાયદો અને સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને રાખીને પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલિક કે મેનેજરો પોલીસને જાણ કર્યા વગર ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને નોકરી ઉપર રાખી શકાશે નહીં. આ માટે અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટે વિગતવાર જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જાહેરનામા મુજબ, હવે પછીથી કોઈ પણ પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓએ પોતાને ત્યાં ભરતી કરેલ સિક્યુરિટી ગાર્ડ, સિક્યુરિટી ગનમેન અને સુપરવાઈઝરના બાયોડેટા તૈયાર કરી તેમજ તેઓનું વેરીફીકેશન ફોર્મ વિગતવારનું ભરી તેની સાથે તેના વતનના પુરાવા તરીકે આધાર કાર્ડની ઝેરોક્ષ કોપી સામેલ રાખી તે પછી જ જે તે ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરનું વેરીફીકેશન કરાવ્યા પછી જ તેઓને કોઈપણ કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ, રીસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે ઉપર સપ્લાય કરી શકશે અને જે તે કંપની, મોટા ઉદ્યોગો, ટોલટેક્ષ, સોસાયટીઓ, રહેણાક વિસ્તારો, હોટલ, બેંક, એ.ટી.એમ., રિસોર્ટ, ફરવાના સ્થળો, ધાર્મિક સ્થળો, મેળાઓ, શોપીંગ-મોલ, સ્કુલો, કોલેજો, સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરેએ પણ ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યાં નોકરી ઉપર રાખતા પહેલા તેઓનું વેરીફીકેશન થયેલું હોય તેને જ નોકરી ઉપર રાખવાના રહેશે. અને જો કોઈપણ સંસ્થા તરફથી વેરીફીકેશન થયા વગરના ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરને પોતાને ત્યાં નોકરી ઉપર રાખવામાં આવશે તો તેઓની સામે અને સપ્લાય કરનાર પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીના માલીક સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓ સરકારી તેમજ ખાનગી સંસ્થાઓ વિગેરે સ્થળોએ સિક્યુરિટી-સલામતી સાચવવાના હેતુસર ઓન પેમેન્ટ સિક્યુરીટી જવાનો ફાળવવામાં આવે છે અને આ જવાનો સિક્યુરીટી-સલામતીની ફરજો અદા કરતી વેળા તેનો ગેરલાભ લઈ લુંટ, ધાડ, ચોરી અને બીજા ગંભીર શરીર સબંધિત ગુનાઓ, કોગ્નીઝેબલ ગુનાઓ તેમજ રાષ્ટ્ર-વિરુધ્ધના ગુનાઓ પણ આચરી ભાગી જતા હોય છે. જેથી આવી પ્રવૃતિ, ગુનાહિત કૃત્યો અટકાવવા અતિ આવશ્યક હોય, પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓ જે સ્થળોએ સિક્યુરિટી જવાનની ફાળવણી કરે છે. તે તમામ જવાનોની સંપુર્ણ બાયોડેટા ફોટા સહિતની જે તે પોલીસ સ્ટેશન અને અમરેલી જિલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (S.O.G.) રાજ મહેલ કેમ્પસ, 'એ' -૧૦૪, બહુમાળી ભવન, જી.અમરેલી. કચેરીએ નિયત નમૂનાના ફોર્મમાં જાણ કરવી. આ જાહેરનામું તા.૨૯.૦૧.૨૦૨૬ સુધી અમલી રહેશે.

# જિલ્લાનાં વિવિધ પોલીસ સ્ટેશનમાં નવ દારૂડીયાઓ સામે કેસ નોંધાયો

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં પોલીસની કડક કાર્યવાહી હોવા છતા દારૂડીયાઓ ગમે ત્યાથી દારૂની સગવડતા કરી ડમડમ હાલતમાં બહાર નીકળતા હોવાથી પોલીસે નવ જેટલા શરાબીઓને ઝડપી તેમની સામે પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધ્યો છે. રાજુલાના ખેરા ગામનો સુમળ ભગવાન ગુજરીયા અને પ્રવીણ લખમણ ગુજરીયા, જેસર ગામનો મહેન્દ્ર ભોળા પઢીયાળ, લુણસાપુર ગામનો વિજય ગોવિંદ મહીડા, ચાવંડ ગામનો સુરેશ પ્રવીણ નાવડીયા, ધારી ગામનો હમીર ભનુ સિંધવ, જાત્રોડા ગામનો ભીખા ગીગા હેલૈયા, નવા માલકનેસ ગામનો મનસુખ જાદવ અને ચલાલા ગામનો વિપુલ ધીરૂ સોલંકી પીધેલી હાલતમાં જોવા મળતા વિવિધ પોલીસ સ્ટેશનમાં આ તમામ શરાબીઓ સામે પ્રોહિબીશન હેઠળ ગુનો નોંધાયો છે.

# રાજુલા નજીક ઘુઘરીયાળી માતાજી મંદિર ખાતે ચતુર્થ સમૂહલગ્નોત્સવ ધામધૂમથી સંપન્ન

રાજુલા,તા.૦૯

રાજુલા શહેરની નજીક આવેલ ઘુઘરીયાળી માતાજીના પવિત્ર ધામ ખાતે ચતુર્થ સમૂહલગ્નોત્સવનો ભવ્ય કાર્યક્રમ ધામધૂમથી યોજાયો હતો. સામાજિક એકતા, સંસ્કાર અને સુસંસ્કૃત પરંપરાને ઉજાગર કરતા આ સમૂહલગ્નોત્સવમાં કુલ પાંચ નવદંપતીએ લાભ લીધો હતો. આ પ્રસંગે બળદ ગાડામાં આવતી જાન, પુષ્પવર્ષા તેમજ ફાયર અને સ્મોક એન્ટ્રી લોકો માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી. કાર્યક્રમની શરૂઆત સાધુ–સંતો, મહંતો, ...ડલી ગામના ગ્રામજનો તેમજ આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ અવસરને વધુ પાવન બનાવવા ખાસ ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સંતો-મહંતોએ વૈદિક પરંપરાનું મહત્ત્વ, સમૂહલગ્નની સામાજિક ઉપયોગિતા અને કુટુંબ સંસ્કારો પર વ્યાખ્યાન આપ્યું હતું.




તસવીર : ગોપાલ રાઠોડ

# જિલ્લામાં વાહનની લે-વેચ માટે ગ્રાહકનું રજીસ્ટર નિભાવવા અધિક કલેકટરનું જાહેરનામુ

અમરેલી,તા.૦૯

સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને ધ્યાને લઈને અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લામાં લાગુ પડશે.કોઈપણ જુની મોટરસાયકલ, સ્કુટર કે જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ કોલમ વાઈઝ વેચનારનું નામ,સરનામું અને વેચવાનું કારણ, ખરીદનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર, ખરીદનારનું આઈ.ડી.પ્રૂફ તથા રેસીડન્ટ પ્રૂફની વિગત, જુનું ખરીદવાનું કે ખરીદ્યુ તેનુ કારણ અને તારીખ, એન્જિન-ચેસીસ નંબર, મોડલ નંબર, રજિસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવા સહિતનું નિયત નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે. રજીસ્ટર નિભાવવા ઉપરાંત જુની મોટર સાયકલ, સ્કુટર, કે જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વાહનો ખરીદનારને બીલ અવશ્ય આપવું અને તેની સ્થળપ્રત પોતાના કબ્જામાં રાખવી. જુની મોટરસાયકલ, સ્કુટર કે જુના થ્રી વ્હીલ, ફોર વ્હીલ વેચનાર વેપારી અથવા આ અંગેની દુકાનો ધરાવનાર માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જુની મોટર સાયકલ સ્કુટર કે જુના થ્રી વ્હીલ,ફોર વ્હીલ વાહનોનું વેચાણ કરે ત્યારે જુની મોટર સાયકલ, સ્કુટર, કે જુના થ્રી વ્હીલ, ફોરવ્હીલ ખરીદ કરનાર ગ્રાહકના ઓળખકાર્ડ પુરાવા પૈકી એક પુરાવો ગ્રાહક પાસેથી મેળવવાનો રહેશે.

# અમરેલી જિલ્લામાંથી દેશી અને વિદેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં દારૂડિયાઓને દારૂ પુરો પાડનાર ઈસમો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. જાફરાબાદના મોચીવાડ ગામે રહેતા ભરત રામજી બારૈયાના કબ્જામાંથી પોલીસે ૧૦ લીટર દેશી દારૂ ઝડપી પાડયો હતો. તેમજ ખાંભાના ચકરાવાપરા ગામે વિક્રમ ગોવિંદ ચૌહાણ દેશી દારૂ બનાવીને વેચતો હોવાનુ પોલીસના ધ્યાને આવતા પોલીસે ૪ લીટર દેશી દારૂ ઝડપી પાડયો હતો. દેશી દારૂ બાદ જિલ્લામાં વિદેશી દારૂનાં સપ્લાયરો સામે પણ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં જેસર ગામે રહેતો મહેન્દ્ર ભોળાભાઈ પઢીયારના કબ્જામાંથી વંડા પોલીસે પાસ પરમીટ વગરનો ૧૮૦ એમએલની વિદેશી દારૂની બોટલ નંગ ૪ ઝડપી પાડી બુટલેગર સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે દેશી અને વિદેશી દારૂના સપ્લાયરો સામે પ્રોહિબીશન હેઠળ ગુનો નોંધ્યો હતો.

# અમરેલી તાલુકાનાં વડેરા ગામની સીમમાંથી યુવક સગીરાને ભગાડી ગયો

**સગીરના પિતાએ યુવક સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી તા.૦૯

અમરેલી તાલુકામાં ફરી એકવાર સગીરાને ભગાડી જવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં અમરેલી તાલુકાના વડેરા ગામની સીમમાં ખેત મંજુરી કરતા પરપ્રાંતિય શ્રમિકની સગીર વયની દિકરીને એક યુવક ભગાડી જતા સગીરાના પિતાએ યુવક સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીના જણાવ્યા મુજબ અમરેલી તાલુકાના વડેરા ગામે રાજુભાઈ રામભાઈ સોહલીયાની વાડીએ ખેત મંજુરી કરતા શ્રમિકની પુત્રીને તે જ ગામમાં રમેશભાઈ માલવીયાની વાડીએ ખેત મંજુરી કરતો રાકેશ જગલીયા બગેલ રહે. વડેરા મુ.બડાઈઈટારા જિ.અલીરાજપુર નામનો ઈસમ ફરિયાદીની સગીર વયની દિકરીને લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. આરોપી યુવક ફરિયાદીની કુંટુંબી ફઈનો દિકરો થતો હોવાનુ સામે આવ્યુ છે. રાકેશ જગલીયા બગેલ સગીરાને ભગાડી જતા સગીરાના પિતાએ યુવક સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના ચરખડીયા ગામની યુવતી લાપતા બની

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં કોઈને કોઈ કારણસર યુવતીઓ ઘરેથી બહાર નીકળ્યા બાદ લાપતા થઈ જતી હોવાથી વાલીઓમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આવો એક બનાવ સાવરકુંડલા તાલુકાના ચરખડીયા ગામે બન્યો છે. જયા એક યુવતી ખરીદી કરવા જવાનુ કહી લાપતા બનતા યુવતીના પિતાએ સાવરકુંડલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સાવરકુંડલા તાલુકાના ચરખડીયા ગામે રહેતા મનસુખભાઈ ભવાનભાઈ દણીયાએ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં જાહેર કર્યુ છે કે, તેની દીકરી રૂઝલ સાવરકુંડલા ગામે ખરીદ કરવા જવાનું કહી ઘરે પરત ફરી નથી. જાહેર કરનારની દિકરી ઘરેથી નીકળ્યા બાદ લાપતા બનતા દીકરીના પિતાએ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.વિમલભાઈ ચંદ્રકાન્તભાઈ માંડવીયાનું તા.૦૭/૧૨/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ઉર્મિલાબેન ચંદ્રકાન્તભાઈ માંડવીયાના દીકરા અને ભરતભાઈ બીનાબેન તથા પ્રિતિબેનનાં ભાઈ થાય છે. તેમનું સદગત બેસણુ તા.૧૧/૧૨/૨૦૨૫ને ગુરૂવારના રોજ ૧૦:૩૦થી ૧૧:૦૦ બેસણુ તેમજ ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે પ્રાર્થનસભા નેમિનાથ વિતરાગ સ્થાનકવાસી જૈન સંઘ, ગાંધીગામ, રાજકોટ ખાતે રાખેલ છે.

**નાના આંકડીયા**

ગં.સ્વ.કમળાબેન બાલાશંકર ત્રિવેદી (ઉ.વ.૯૬)નું તા.૦૮/૧૨/૨૦૨૫નાં રોજ અવસાન થયેલ છે. તે વિરલભાઈ.કે.ત્રિવેદી (હાલોલ) તથા કિશન ત્રિવેદી (લીલીયા) ના દાદીમાં તથા હસુભઈ જોષી (ગ્રીનલોજ મહુવા) તથા મનહરભાઈ પંડયા (અમદાવાદ) તથા દિનેશભાઈ ઠાકર(લીલીયા) નાં સાસુ થાય છે. તેમનુ બેસણુ તા. ૧૧/૧૨/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારના ૯:૦૦ કલાકથી સાંજના ૬:૦૦ કલાક સુધી તેમના નિવાસસ્થાન નાના આંકડીયા મુકામે રાખેલ છે.



BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?



- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**તંત્રી લેખ**

# વંદે માતરમ્ રાષ્ટ્રીય ગીતની ૧૫૦મી જયંતી

સંસદના શિયાળુ અધિવેશનમાં વંદે માતરમ્‌ને કેન્દ્રમાં રાખીને થયેલી ચર્ચા માત્ર એક ઐતિહાસિક યાદગીરી નથી, પરંતુ તે વર્તમાન રાજકારણની જટિલતાઓને પણ પ્રતિબિંબિત કરે છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા ૧૮૭૫માં રચાયેલા આ કાવ્યને ૧૯૫૦માં રાષ્ટ્રીય ગીતનો દરજ્જો મળ્યો હતો, અને આજે તેની ૧૫૦મી વર્ષગાંઠ પર સરકાર દ્વારા આખું વર્ષ દરમિયાન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. લોકસભામાં સોમવારે શરૂ થયેલી આ ચર્ચા માટે ૧૦ કલાકનો સમય ફાળવાયો છે, જ્યારે મંગળવારે રાજ્યસભામાં તેની ચર્ચા થશે. આ ચર્ચા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામની ઉર્જાને પુનર્જિવિત કરવાનો પ્રયાસ છે, પરંતુ તેમાં ભળી આવેલા રાજકીય આક્ષેપો તેને વિવાદાસ્પદ બનાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ચર્ચાની શરૂઆત કરીને વિપક્ષો, ખાસ કરીને કોંગ્રેસ પર તીખા પ્રહારો કર્યા, જે આ ચર્ચાને ઐતિહાસિક વિશ્લેષણથી વધુ રાજકીય યુદ્ધમાં બદલી નાખી.

વડાપ્રધાન મોદીએ વંદે માતરમ્ ને માત્ર એક ગીત તરીકે નહીં, પરંતુ સ્વાતંત્ર્ય આંદોલનના આત્મા તરીકે રજૂ કરીને તેના ઈતિહાસને યાદ કરાવ્યો. તેમણે કહ્યું કે જ્યારે આ ગીત ૫૦ વર્ષનું થયું ત્યારે દેશ અંગ્રેજોની ગુલામીમાં જકડાયેલો હતો, અને ૧૦૦ વર્ષની વખતે તો દેશ કટોકટીના કાળમાંથી પસાર થઈ રહ્યો હતો, જ્યાં બંધારણને પણ દબાવી દેવામાં આવ્યું હતું. વંદે માતરમ્ એ તે કાળમાં સાહસ અને સંકલ્પનું પ્રતિક બન્યું હતું, જેણે અંગ્રેજોના દમનનો જોરદાર જોરદાર જવાબ આપ્યો. ૧૮૫૭ની ક્રાંતિ પછી અંગ્રેજો 'ગોડ સેવ ધ ક્વીન' ને ઘરઘરમાં પહોંચાડવા માંગતા હતા, પરંતુ વંદે માતરમ્ એ તેમની આ નીતિને ધૂળ ચટાડી દીધી. મોદીએ આ ગીતને સ્વતંત્રતા સંગ્રામનો સ્વર ગણાવ્યો, જે મહાત્મા ગાંધીને પણ પસંદ હતું અને તેઓ તેને રાષ્ટ્રીય ગીત તરીકે જુએ છે. પરંતુ આ ઐતિહાસિક યાદગીરી વચ્ચે મોદીએ કોંગ્રેસ પરના આક્ષેપોને કેન્દ્રમાં રાખ્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસે મુસ્લિમ લીગ સામે ઘૂંટણીયે પડીને દેશને વિભાજિત કરવાનું કારણ બન્યું. જવાહરલાલ નહેરુને આ ગીતની પાછળની નવલકથા 'આનંદમઠ' ની પૃષ્ઠભૂમિ મુસ્લિમોને ભડકાવી શકે તે ડરને કારણે ૨૬ ઓક્ટોબર ૧૯૩૭માં વંદે માતરમ્ ના કેટલાક ટુકડા કાપી દીધા, જે વિભાજનના બીજ વાવવા જેવું હતું. મોદીએ આને કોંગ્રેસની 'મુસ્લિમ તુષ્ટીકરણ' ની નીતિના ઉદાહરણ તરીકે રજૂ કર્યું, અને કહ્યું કે આજે પણ કોંગ્રેસ વંદે માતરમ્ પર વિવાદ સર્જવાના પ્રયાસો કરે છે. તેમના શબ્દોમાં, 'કોંગ્રેસે આજકાલ વંદે માતરમ્ ને આઉટસોર્સ કરી દીધો છે,' અને **INC** (ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ) ને **MNC** (મલ્ટીનેશનલ કોર્પોરેશન) માં બદલી દીધો છે. આ આક્ષેપો રાજકીય વાતાવરણને તપાસી દે છે, કારણ કે તે ઐતિહાસિક તથ્યોને વર્તમાન ચૂંટણીના સંદર્ભમાં જોડે છે. મોદીનું આ ભાષણ માત્ર ચર્ચાનું ઉદ્ઘાટન નહીં, પરંતુ વિપક્ષો પરનું એક વ્યંગાત્મક પ્રહાર પણ છે, જે દેશની એકતાના પ્રતીકને રાજકારણના હથિયાર તરીકે વાપરે છે. વંદે માતરમ્‌નો જન્મ ૧૯મી સદીના અંતમાં બંગાળના સામાજિક-રાજકીય વાતાવરણમાં થયો, જ્યારે અંગ્રેજોની વિભાજન નીતિ (ડિવાઈડ એન્ડ રૂલ) દેશને તોડવાનો પ્રયાસ કરી રહી હતી. બંકિમચંદ્રનું આ કાવ્ય માતૃભૂમિની પૂજા અને તેના પ્રત્યેની ભક્તિને વ્યક્ત કરે છે, જે સ્વાતંત્ર્ય સંગ્રામીઓ માટે એક મંત્ર બન્યું. ૧૯૩૦ના દાયકામાં જ્યારે સાપ્રદાયિકતા ઊભરી, ત્યારે આ ગીત વિવાદિત બન્યું, કારણ કે તેના કેટલાક ટુકડાઓને ધાર્મિક દષ્ટિએ અસંવેદનશીલ માનવામાં આવ્યા. તેમ છતાં, મહાત્મા ગાંધીએ તેને રાષ્ટ્રીય એન્થમ તરીકે સ્વીકાર્યું, અને તે આઝાદીના સમયે દેશવ્યાપી નારો બન્યું. આજે ૧૫૦ વર્ષ પછી, જ્યારે દેશ વિકાસ અને એકતાના માર્ગે આગળ વધી રહ્યો છે, આ ગીતની ચર્ચા તેની પ્રાસંગિકતા યાદ કરાવે છે. તે માત્ર એક ગીત નથી, પરંતુ દેશની આત્માનું પ્રતીક છે, જેણે કટોકટીના સમયમાં પણ લોકોને પ્રેરણા આપી છે. મોદીના શબ્દોમાં, તે 'દેશને આઝાદ કરવાનો મંત્ર'છે, જે અંગ્રેજોની વસૂલાતી નીતિઓને જોરદાર જવાબ આપે છે. અંતે, વંદે માતરમ્ એ માતૃભૂમિની આન છે, જે દેશને સંકટોમાંથી આગળ વધારે છે – બિનશરતી અમર બનાવે છે.

# લીલીયાના સનાળીયા ગામે ચુંવાળીયા ઠાકોર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

**સ્નેહમિલન કાર્યક્રમમાં ઠાકોર સમાજના અગ્રણીઓ હાજર રહ્યા**

લીલીયા,તા.૦૯



પ્રદેશ પ્રમુખ અલ્પેશ ઠાકોરના માર્ગદર્શન હેઠળ લીલીયા તાલુકાના સનાળીયા ગામે સમગ્ર સૌરાષ્ટ્રમાં એકસાથે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચુવાળીયા ઠાકોર સમાજનો 'નવો રોડમેપ-૨૦૨૫' રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં યુવાનો અને આગેવાનો હાજર રહ્યા હતા. આ મીટિંગમાં જિલ્લા શિક્ષણ સેલ પ્રભારી રાજુગલસાણિયા, પૂર્વ તાલુકા પ્રમુખ કિશોરભાઈ પરમાર, ઠાકોર સેના પ્રમુખ નીતિનભાઈ ડુંગરીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સમાજે સંકલ્પ લીધો કે, "હવે સમાજ કોઈની વોટબૅન્ક નહીં, પણ રાજ્યના નિર્ણયોનું કેન્દ્રબિંદુ બનીશું!" સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે ચુવાળીયા ઠાકોર સમાજને ઊંચાઈએ લઈ જવાનો સંકલ્પ લેવાયો હતો.

# જાફરાબાદના સરોવડા ગામે વાછરડાએ સિંહોને ભગાડયા

અમરેલી,તા.૦૯

જાફરાબાદ તાલુકાના સરોવડા ગામમાં સિંહની અવરજવર હવે સામાન્ય બની ગઈ છે. તાજેતરમાં, ગામમાં શિકારની શોધમાં આવેલા બે સિંહો અને બે વાછરડાં વચ્ચેની લડાઈના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. આ દશ્યોમાં જોઈ શકાય છે કે બે સિંહો ગામમાં પ્રવેશે છે, પરંતુ ત્યાં હાજર બે વાછરડાંએ હિંમત બતાવી હતી. વાછરડાંએ સિંહ તરફ ધસી જઈને તેમને પડકાર્યા હતા. વાછરડાંની આ



હિંમત જોઈને સિંહો ડરી ગયા હતા અને ઊભી પૂંછડીએ ભાગી ગયા હતા. આ ઘટનાએ ગામ લોકોમાં આશ્ચર્ય થયુ હતે. સિંહો હવે ગામડાંમાં પણ નિયમિતપણે આવવા લાગતા ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે.

## બેંકમાં કરન્ટ ખાતુ ખોલાવી ખાતામાંથી સાઈબર ફ્રોડના નાણા જમા કરાવી ઉપાડી લીધા

# રાજુલામાં સાઈબર ફ્રોડના રૂ.૬૧.૯૩ લાખ સગેવગે કરવાના આરોપમાં ફરિયાદ

## વેપારીની દુકાનનાં પ્રોપરાઈટરના નામનો બેંક એકાઉન્ટનો ઉપયોગ કર્યો હોવાનુ ખુલ્યુ

અમરેલી તા.૦૯

અમરેલી જિલ્લામાં સાઈબર ફ્રોડથી બચાવવા માટે જિલ્લા પોલીસ દ્વારા સમાયંતરે જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. આમ છતા અનેક લોકો સાઈબ ફ્રોડનો ભોગ બની પોતાના નાણા ગુમાવતા હોય છે. તો સાઈબર માફીયાઓ પણ આ નાણા કોઈ એક બેંક ખાતાનો ઉપયોગ કરી નાણા તે બેંક ખાતામાં જમા કરતા હોય છે. જેમાં રાજુલામાં એક વેપારીના બેંક ખાતાનો ઉપયોગ કરી આરોપીઓ તે બેંક ખાતામાં નાણા જમા કરાવ્યા બાદ ઉપાડી લેતા રાજુલા પોલીસે ત્રણ લોકો સામે ફરિયાદ નોંધી છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, આરોપી વિનોદ, ભરત પ્રજાપતિ રહે. હાંસલપુર વિરમગામ, રવિ મુંબઈવાળા અને દિલીપ માલા મહિડા રહે. રાજુલાવાળાઓએ ખોડલ ઈલેકટ્રિકલ્સના નામે પ્રોપરાઈટર તરીકે આરોપી દિલીપ મહીડાના નામે રાજુલા બેંક ઓફ બરોડામાં કરંટ બેંક ખાતુ ખા નં. ૩૪૪૬૦૨૦૦૦૦૦૩૧૨ નો ઉપયોગ કરી અલગ અલગ લોકો પાસેથી સાઈબર ગુનો આચરી સાઈબર ફ્રોડના રૂ.૬૧,૯૩,૧૯૩ બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. આ બેંક ખાતામાં તા.૧/૧૦ / ૨૦૨૫ થી તા.૭/૧૦/૨૦૨૫ સુધીમાં આ નાણા જમા કરાવ્યા હતા. તેમજ ત્રણેય આરોપીઓએ બેંક ખાતામાંથી આ નાણા ઉપાડી ગુનો કર્યો હોવાનું સામે આવતા રાજુલા પોલીસે ત્રણેય આરોપીઓ સામે ફરિયાદ નોંધી છે. આ બનાવની તપાસ રાજુલા પીઆઈ આર.એલ રાઠોડ ચલાવી રહ્યા છે.

# મોટી કુંકાવાવની પરિણાતાને સાસરીયાઓએ ઢોર માર મારી ધમકી આપી

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં પરિણાતાઓ ઉપર સાસરીયાઓનો ઝુલમ યથાવત રહ્યો છે. મોટી કુંકાવાવ ગામની પરિણાતાએ લીલીયા મોટા ગામે રહેતા પતિ પાસે માતાની ખબર કાઢવા જવાની મંજુરી માંગતા પતિ સહિતના સાસરીયાઓએ મંજુરી આપવાના બદલે પરિણાતાને બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા પરિણાતાએ પતિ સહિત સાસરીયાઓ સામે વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મોટી કુંકાવાવ ગામની યુવતી સુમીતાના લગ્ન મોટા લીલીયા ગામે રહેતા વિજય રામજી બગડા સાથે થયા હતા.

પરિણીતા સુમીતાએ દોઢ વર્ષ પહેલા બીમાર માતાની ખબર કાઢવા જવુ હોય જેથી તેના પતિ વિજયને વાત કરી હતી. પરિણાતાએ વાત કરતા પતિ વિજયે પરિણાતાને જેમ ફાવે-તેમ ગાળો આપી લાકડી વડે માર માર્યો હતો. તેથી પરિણાતાએ આ વાત તેમના સાસુ આલુબેનને કરતા સાસુએ પણ તને મારની જરૂર છે તેમ કહી વધુ માર ખવરાવ્યો હતો. તેમ જ આરોપી વિજયે વારંવાર પરિણાતાને કહેલ કે તારી બહેને પ્રેમ લગ્ન કર્યા હોય જેથી બહેન સાથે વાત કરવાની ના પાડી ગત તા.૨૫/૧૦/૨૦૨૫ ના રોજ પતિ વિજયે પરિણાતાને જેમ ફાવે-તેમ ગાળો આપી મૂંઢ માર માર્યો હતો. સાથો સાથ પરિણાતાનો દિયર શાંતિ રામજી બગડા, નણંદ જયા કાંતિ જાદવ અને નણંદનો દિકરો મિલક કાંતિ જાદવ પણ પરણિતાને ગાળો આપી માર મારવા દોડી આવ્યા હતા. જેથી પરિણાતાએ પોતાના પિયર મોટી કુંકાવાવ જઈ પોતાના પતિ સહિત સાસરીયાઓ સામે વડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# જિલ્લામાં મોબાઈલ વિક્રેતાઓએ જરૂરી સરનામાનું રજિસ્ટર નિભાવવુ

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં મોબાઈલ, સીમકાર્ડ વેચાણકર્તા, ડિસ્ટ્રીબ્યુટર, રિટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જૂના, નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ફોન ખરીદનાર વ્યક્તિનું નામ, ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ કે મોબાઈલ વેચાણ સંદર્ભમાં ખરીદ કરનારાના નામ સરનામાની વિગતો સાથેનું રજિસ્ટર ફરજિયાત નિભાવવું. રજિસ્ટરમાં મોબાઈલ ફોનની વિગત, કંપની વિગત, આઈ.એમ.ઈ.આઈ. નંબર, મોબાઈલ વેચનાર, ખરીદનારના નામ, સરનામાની વિગત, આઈ.ડી.પ્રૂફની નકલ અને વિગત, સીમકાર્ડની વિગત-કંપની નામ, સીમકાર્ડ નંબર, સીમકાર્ડ ખરીદનારની સહિ સહિતની વિગતોનું રજિસ્ટર નિભાવવું. આ હુકમ તા.૨૯.૦૧.૨૦૨૬ સુધી અમલી રહેશે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૮૦ | ૧૫૬૮ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૫૨૯ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૯૦ |
| જુવાર સફેદ | ૭૫૧ | ૯૪૦ |
| બાજરી | ૩૭૧ | ૪૫૦ |
| મકાઇ | ૩૭૪ | ૪૩૦ |
| તુવેર | ૯૪૧ | ૧૨૮૮ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૪૨૦ | ૧૮૫૦ |
| અડદ | ૮૪૧ | ૧૩૭૦ |
| મગ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૫૨૧ | ૧૦૦૦ |
| ચોળી | ૯૦૦ | ૧૨૦૫ |
| મઠ | ૮૦૦ | ૧૫૬૨ |
| વટાણા | ૧૦૫૦ | ૧૮૩૦ |
| કળથી | ૩૫૦ | ૫૨૫ |
| રાજમા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૮૦ |
| મગફળી જીણી | ૯૯૦ | ૧૩૬૦ |
| તલી | ૧૮૧૧ | ૨૧૭૬ |
| એરંડા | ૧૦૮૦ | ૧૩૩૩ |
| અજમો | ૧૩૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૮૨૦ | ૮૭૦ |
| સીંગફાડા | ૯૮૦ | ૧૪૮૦ |
| કાળા તલ | ૩૬૪૦ | ૫૨૫૦ |
| લસણ | ૬૮૦ | ૧૦૫૪ |
| ધાણા | ૧૪૪૦ | ૧૮૦૦ |
| મરચા સુકા | ૧૩૦૦ | ૩૧૦૦ |
| ધાણી | ૧૪૬૦ | ૧૮૫૦ |
| વરીયાળી | ૧૫૪૩ | ૨૨૫૨ |
| જીરૂ | ૩૪૫૦ | ૩૯૩૦ |
| રાય | ૧૪૧૧ | ૧૯૪૨ |
| મેથી | ૯૦૦ | ૧૩૪૦ |
| અશેરીયો | ૯૪૫ | ૧૧૭૫ |
| કલોંજી | ૪૩૪૧ | ૪૪૫૦ |
| રાયડો | ૧૧૪૧ | ૧૩૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૧૧ | ૬૦૬ |
| પપૈયા | ૭૭ | ૯૬ |
| બટેટા | ૧૭૨ | ૩૯૭ |
| ડુંગળી સુકી | ૮૫ | ૨૬૦ |
| ટમેટા | ૩૧૭ | ૫૨૬ |
| સુરણ | ૫૮૮ | ૭૧૧ |
| કોથમરી | ૨૦૬ | ૩૧૯ |
| મુળા | ૪૧૪ | ૬૧૩ |
| રીંગણા | ૬૦૪ | ૧૨૧૬ |
| કોબીજ | ૧૪૧ | ૨૬૨ |
| ફ્લાવર | ૩૫૪ | ૬૪૯ |
| ભીંડો | ૧૦૧૪ | ૧૪૦૭ |
| ગુવાર | ૧૩૯૪ | ૨૦૧૭ |
| ચોળાસીંગ | ૫૯૧ | ૭૦૩ |
| વાલોળ | ૮૧૭ | ૧૨૨૧ |
| ટીંડોળા | ૪૧૪ | ૭૨૬ |
| દુધી | ૨૪૧ | ૩૮૧ |
| કારેલા | ૬૨૩ | ૮૨૯ |
| સરગવો | ૧૧૫૭ | ૧૬૨૭ |
| તુરીયા | ૯૧૬ | ૧૧૨૬ |
| પરવર | ૧૦૨૯ | ૧૬૧૦ |
| કાકડી | ૭૦૪ | ૧૦૨૧ |
| ગાજર | ૨૭૬ | ૪૩૪ |
| વટાણા | ૯૯૧ | ૧૨૨૧ |
| તુવેરસીંગ | ૪૧૭ | ૬૨૯ |
| ગલકા | ૫૦૨ | ૬૯૧ |
| બીટ | ૨૧૪ | ૩૮૪ |
| મેથી | ૬૧૮ | ૮૨૪ |
| વાલ | ૮૦૯ | ૧૦૧૭ |
| ડુંગળી લીલી | ૨૭૬ | ૪૦૭ |
| આદુ | ૧૦૨૨ | ૧૨૩૪ |
| ચણા લીલા | ૫૮ | ૪૭૨ |
| મરચા લીલા | ૪૧૯ | ૮૩૭ |
| હળદર લીલી | ૩૮૬ | ૫૨૨ |
| લસણ લીલું | ૧૦૪૨ | ૧૭૨૧ |
| મકાઇ લીલી | ૨૩૬ | ૩૮૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૫૪૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૮ |
| સિંગદાણા જાડા | ૧૧૪૧ | ૧૪૮૧ |
| સિંગ ફાડીયા | ૧૦૪૧ | ૧૪૨૧ |
| એરંડા / એરંડી | ૧૦૮૧ | ૧૩૬૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૪૦૧૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૦૦૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૯૫૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૪૫૬ |
| અડદ | ૯૦૦ | ૧૪૪૧ |
| મઠ | ૮૫૧ | ૮૫૧ |
| તુવેર | ૯૪૧ | ૧૨૧૧ |
| રાય | ૧૨૦૧ | ૧૭૭૬ |
| મેથી | ૫૭૬ | ૧૨૧૧ |
| કાંગ | ૩૦૧ | ૫૬૧ |
| સુરજમુખી | ૨૦૦ | ૨૦૦ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૯૪૧ |
| તલ - તલી | ૧૧૦૧ | ૨૧૩૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૧૩૧ |
| ડુંગળી સફેદ | ૧૦૧ | ૩૨૧ |
| બાજરો | ૩૧૧ | ૫૨૧ |
| જુવાર | ૭૮૧ | ૭૮૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૨૧ |
| મગ | ૮૫૧ | ૧૫૧૧ |
| ચણા | ૭૦૧ | ૧૧૦૧ |
| વાલ | ૬૨૬ | ૯૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૨૨૬ |
| સોયાબીન | ૫૦૧ | ૮૬૬ |
| ગોગળી | ૯૨૧ | ૧૨૮૧ |
| વટાણા | ૫૫૧ | ૧૨૨૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૭૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૮૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૮૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૪૦ |
| વાલ | ૪૮૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૦૦ |
| અંબાળા | ૪૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૩ | ૬ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૯ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ચૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૩ | ૯ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૩૮૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૨ | ૭ |
| પાલક પુરા | ૧ | ૨ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૨૧ | ૧૩૦૪ |
| ગીરનાર શિંગ | ૮૨૦ | ૧૩૦૪ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૩૭૫ |
| શિંગ દાણા | ૯૦૦ | ૧૩૨૦ |
| તલ સફેદ | ૧૩૪૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૫૧૦૫ |
| તલ કાશ્મીરી | ૨૪૦૮ | ૨૪૦૮ |
| બાજરો | ૩૪૦ | ૪૬૫ |
| જુવાર | ૫૯૦ | ૯૪૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૯૩ |
| ઘઉં લોકવન | ૪૬૪ | ૫૮૫ |
| અડદ | ૫૧૦ | ૧૪૫૦ |
| ચણા | ૭૮૦ | ૧૧૮૦ |
| સફેદ ચણા | ૭૧૫ | ૧૦૯૪ |
| છોલે ચણા | ૧૨૬૬ | ૧૫૭૩ |
| તુવેર | ૬૦૦ | ૧૧૬૦ |
| કપાસ | ૯૪૦ | ૧૬૦૦ |
| એરંડા | ૧૦૩૦ | ૧૩૨૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૦૦ |
| ધાણા | ૧૪૫૦ | ૧૯૪૦ |
| અજમા | ૨૨૭૫ | ૨૫૪૦ |
| મેથી | ૮૩૦ | ૧૦૩૧ |
| સોયાબીન | ૬૫૦ | ૮૬૫ |
| રજકાનુ બી | ૮૨૦૦ | ૯૫૫૦ |
| મરચાં લાંબા | ૬૯૦ | ૩૨૩૦ |
| કાંગ | ૫૩૧ | ૫૩૧ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૪૦ | ૩૬૦ |
| રીંગણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ફ્લાવર | ૪૧૦ | ૫૧૦ |
| કોબીઝ | ૨૪૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૨૦ | ૮૨૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૧૦ | ૪૧૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૧૦ | ૧૬૧૦ |
| વાલોળ | ૬૧૦ | ૮૧૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૧૦૨૦ |
| આમળા | ૬૨૦ | ૭૨૦ |
| વાલ | ૯૨૦ | ૧૧૨૦ |
| ભીડો | ૭૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૧૦ | ૬૧૦ |
| બીટ | ૩૧૦ | ૫૧૦ |
| તુવેર | ૪૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૬૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૯૦ |
| તલ કાળા | ૪૧૦૦ | ૪૮૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૧૧ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૭૧ |
| બાજરો | - | ૫૮૨ |
| મકાઈ | ૫૫૦ | ૬૩૨ |
| અડદ | ૬૫૦ | ૧૧૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૨૧૫ |
| એરંડી | ૧૨૩૦ | - |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૩૫ |
| સોયાબીન | ૬૫૦ | ૮૫૫ |
| રજકા બી | ૭૪૦૦ | ૮૩૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૩૧૦ | ૫૧૪ |
| ઘઉ ટુકડા | ૪૦૦ | ૫૪૧ |
| અડદ | ૬૨૦ | ૯૦૦ |
| ચણા | ૬૩૫ | ૧૦૩૦ |
| મગ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ધાણા | ૧૫૨૦ | ૨૦૦૧ |
| મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| મેથી | ૮૬૫ | ૯૨૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૫૩ |
| લસણ | ૩૫૪ | ૫૮૦ |
| મગફળી | ૫૦૫ | ૧૦૧૪ |
| જુવાર | ૩૦૦ | ૩૬૫ |
| શીંગ દાણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| એરંડી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ચણા સોલે | ૯૧૦ | ૧૩૮૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૫૦ | ૧૨૭૫ |
| કપાસ મીડીયમ | ૯૭૦ | ૧૨૫૦ |
| મગફળી | ૧૦૦૯ | ૧૩૫૧ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૩૩૩૦ | ૪૪૬૦ |
| જીરૂ | ૩૨૧૦ | ૩૯૨૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૪૫ |
| અડદ | ૮૮૫ | ૧૨૦૫ |
| ચણા | ૯૬૫ | ૧૦૫૫ |
| સોયાબીન | ૮૦૫ | ૮૬૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૫૭ | ૧૫૪૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૬૧ | ૧૪૭૫ |
| કપાસ કોડી | ૯૦૧ | ૧૧૪૧ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ઘંઉ | ૪૮૦ | ૫૨૫ |
| ચણા | ૮૨૬ | ૧૦૪૧ |
| અડદ | ૯૦૧ | ૧૦૦૦ |
| એરંડા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ધાણા | ૧૨૧૦ | ૧૭૩૦ |
| જુવાર | ૬૭૫ | ૬૭૫ |
| સીંગદાણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| બાજરો | ૩૨૦ | ૩૫૫ |
| સોયાબીન | ૭૮૭ | ૮૨૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૪૦૨ |
| તલ સફેદ | ૧૮૭૬ | ૨૫૦૦ |
| તલ કાળા | ૩૮૫૧ | ૩૮૫૧ |
| તલપીળા | ૨૧૪૮ | ૨૧૪૮ |
| કપાસ | ૯૫૦ | ૧૪૮૦ |
| બાજરો | ૩૬૮ | ૪૯૮ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૬૦ |
| જુવાર | ૫૨૬ | ૧૦૮૨ |
| મગ | ૧૧૦૦ | ૧૮૧૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ચણા | ૭૦૦ | ૧૧૦૦ |
| મેથી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| સોયબીન | ૫૪૧ | ૮૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૯૬ |
| ઘઉ | ૪૦૦ | ૫૩૦ |
| મગ | ૧૦૦૧ | ૧૫૦૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૨૫ |
| અડદ | ૮૦૧ | ૧૧૮૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૦૬ |
| શિગફાડા | ૧૦૦૧ | ૧૧૭૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૦૫૬ |
| મેથી | ૫૦૧ | ૮૦૧ |
| ધાણા | ૧૨૦૧ | ૧૯૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૦૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૫ | ૧૩૬૭ |
| મગફળી ૩૨ | ૯૪૧ | ૧૨૫૪ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૭૦ |
| ઘઉં | ૪૮૫ | ૫૫૯ |
| જુવાર | ૭૫૧ | ૯૪૦ |
| અડદ | ૬૫૦ | ૧૪૬૨ |
| ચણા | ૮૫૧ | ૧૧૪૬ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૩૩૫૦ | ૪૭૫૦ |
| સોયાબીન | ૭૨૫ | ૮૮૨ |
| કાંગ | ૪૦૫ | ૫૦૩ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૩૦ | ૧૨૬૪ |
| શીંગ ૩૯ | ૮૨૨ | ૧૨૨૮ |
| શીંગ ગીરનાર | ૮૪૨ | ૧૩૪૧ |
| શીંગ જી ૨૦ | ૮૮૫ | ૧૩૦૯ |
| જુવાર | ૩૩૨ | ૭૩૧ |
| બાજરી | ૩૫૧ | ૬૮૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૧ |
| અડદ | ૬૦૦ | ૧૨૭૦ |
| મગ | ૪૬૦ | ૨૬૨૬ |
| સોયબીન | ૫૦૦ | ૮૯૦ |
| ચણા | ૮૯૫ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૫૫ |
| તલ કાળા | ૨૪૦૦ | ૪૦૦૦ |
| ધાણા | ૧૩૯૯ | ૧૩૯૯ |
| મેથી | ૯૩૫ | ૯૩૫ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૪૩૮ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૬૪ |
| ડુંગળીસફેદ એક્સપોટ ૨૫૧ | | ૧૦૦૦ |
| કપાસ શંકર | ૮૨૦ | ૧૫૫૦ |
| નાળીયેર | ૩૦૦ | ૨૩૬૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૬૭૦ |
| બાજરો | ૩૯૫ | ૪૨૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૪૩ |
| અડદ | ૭૦૦ | ૧૨૭૫ |
| તુવેર | ૯૦૦ | ૧૦૭૫ |
| વાલ | ૭૦૦ | ૯૫૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૦૯૫ | ૧૬૪૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૮૦ |
| મગફળી ૬૬ | ૧૧૦૦ | ૧૪૩૦ |
| મગફળી ૯ | ૧૧૦૦ | ૧૬૧૫ |
| તલ | ૧૦૦૦ | ૨૨૯૦ |
| લસણ | ૬૭૫૫ | ૧૩૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૯૪૦ |
| અજમો | ૧૪૦૦ | ૩૪૨૦ |
| અજમા ની ભુસી | ૪૦ | ૨૧૫૦ |
| ધાણા | ૬૦૦ | ૧૫૦૦ |
| મરચા | ૭૦૦ | ૩૩૨૫ |
| ડુંગળી સુકી | ૫૦ | ૩૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૫ |
| વટાણા | ૧૨૫૦ | ૧૫૦૦ |
| રાજમા | ૯૧૦ | ૧૩૧૦ |





06

લાગે તો તીર :-મોટા મોટા શહેરોમાં આવા નકલી/ફેક લગન થઇ રહ્યા છે


# રશિયાએ ભારત પર અમેરિકાના આક્રમણને રોકેલું


બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા






ભારત-રશિયા સંબંધોમાં નવા યુગની શરૂઆત થઈ રહી છે.

રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનની ભારત યાત્રા દરમિયાન ભારત અને રશિયા વચ્ચે એનર્જી સહિતના ક્ષેત્રોમાં સહકાર વધારવા થયેલા કરારના પગલે બંને દેશોના સંબંધોમાં નવો યુગ શરૂ થઈ રહ્યો છે. ભારત અને રશિયાના સંબંધો બહુ જૂના છે પણ છેલ્લાં કેટલાંક વરસોથી ભારત અમેરિકા તરફ ઢળી ગયેલું. અમેરિકાએ સ્વાર્થીપણાનો પરચો આપીને ભારતને દબાવવાની કોશિશ કરી પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી રશિયા તરફ ઢળવાનો નિર્ણય લઈને એક સાચી દિશાનું પગલું ભર્યું છે કેમ કે રશિયા ભારતનો લાંબા સમયનો ભરોસાપાત્ર સાથી છે.

ભારતમાં અંગ્રેજોનું શાસન હતું ત્યારે દેશની આઝાદીની લડતમાં વ્લાદિમિર લેનિન સહિતના રશિયન નેતાઓએ મદદ કરી હતી. ભારત આઝાદ થયું પછી યુએન સહિતની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં રશિયા હંમેશા ભારતની પડખે રહ્યું છે. ભારતનું લશ્કર હોય કે સ્પેસ મિશન હોય, રશિયા હંમેશા ભારતને મદદ કરતું રહ્યું છે. રાજ કપૂરથી માંડીને રાકેશ શર્મા સુધીના ભારતીયોને રશિયાએ હીરો બનાવ્યા છે. હિંદી ફિલ્મો માટે રશિયાના દરવાજા ખોલીને રશિયાએ બોલિવુડને પગભર થવામાં મદદ કરેલી તો ભારતના પહેલા અવકાશયાત્રી રાકેશ શર્મા પણ રશિયાના કારણે જ અવકાશમાં જઈ શકેલા. રશિયાએ ભારતને પરમાણુ રિએક્ટર્સ આપ્યા છે તો ફાઈટર જેટ પણ આપ્યા છે.

રશિયા અને ભારતના સંબંધો વિશે ઘણું લખી શકાય તેમ છે પણ આપણે બધા વિષયોના બદલે રશિયાએ ભારતને કરેલી ત્રણ સૌથી મોટી મદદની વાત કરીએ.

■■■

રશિયાએ ભારતને બચાવ્યું હતું.

પાકિસ્તાનમાંથી અલગ બાંગ્લાદેશની રચના માટેની ચળવળ ચરમસીમા પર હતી ત્યારે એક તબક્કે અમેરિકા અને તેના સાથી દેશો પોતાના પાલતુ પાકિસ્તાનને બચાવવા માટે ભારત સામે લશ્કરી કાર્યવાહી કરે એવો ખતરો ઉભો થયેલો. ભારત અને ચીન વચ્ચે ૧૯૬૨માં થયેલા યુધ્ધના કારણે સંબંધો તંગ હતા જ્યારે પાકિસ્તાન ચીનના પડખામાં ભરાવા માંડેલું તેથી ચીન પણ તકનો લાભ લેવા માટે જંગમાં કૂદી પડે એવો ખતરો હતો. આ બેવડા ખતરા સામે રશિયા (એ વખતના સોવિયેત યુનિયન)એ ભારતની પડખે ઉભું રહીને ભારતને બચાવેલું.

ભારતના વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ રશિયાના પ્રમુખ લિયોનેદ બ્રેઝનેવ સાથે ભારત-સોવિયેત મિત્રતા અને સહકાર સંધિ કરાર કર્યા હતા. ૯ ઓગસ્ટ, ૧૯૭૧ના રોજ થયેલા કરારમાં સોવિયેત યુનિયન અને ભારતના સંબંધો ગાઢ બનાવવાની સામાન્ય જોગવાઈ હતી પણ આ કરાર નવેમ્બરમાં બાંગ્લાદેશની આઝાદીનો જંગ ઉગ્ર બન્યો ત્યારે કામ આવ્યા. એ વખતે અમેરિકાએ પાકિસ્તાનને મદદ કરવા અને ભારતને કાબૂમાં રાખવા પોતાનો સાતમો નૌકા કાફલો રવાના કર્યો હતો. યુકેએ અમેરિકાના રવાડે ચડીને પોતાનું યુધ્ધ જહાજ HMS ઈગલ મોકલેલું કે જેમાં અમેરિકા-યુકેના સાથી દેશોના સૈનિકો હતા.

અમેરિકા ભારતને ડરાવવા માગતું હતું, પૂર્વ પાકિસ્તાન (હાલનું બાંગ્લાદેશ) પાકિસ્તાનની આંતરિક બાબત છે તેથી ભારત પૂર્વ પાકિસ્તાનથી દૂર ના રહે તો અમેરિકા તથા તેના સાથી દેશો ભારત પર આક્રમણ કરી દેશે એવી આડકતરી ધમકી પોતાના યુધ્ધ જહાજો મોકલીને અમેરિકા તથા તેના સાથી દેશોએ આપી હતી.

સોવિયેત યુનિયને જવાબમાં પોતાના યુધ્ધ જહાજ વ્લાદિવોસ્તોકને મોકલતાં ઠંડા પડી ગયા. ભારતને કનડવા જતાં સોવિયેત યુનિયન જડબાતોડ જવાબ આપશે અને વિશ્વયુધ્ધ છેડાઈ જશે એવો ડર લાગતાં અમેરિકા અને યુકેએ પોતાનાં યુદ્ધ જહાજોને પાછા બોલાવી લેતાં ભારત માટે પૂર્વ પાકિસ્તાનમાં લશ્કરી હસ્તક્ષેપ સફળ બન્યો અને ભારતે પોતાનું આર્મી મોકલીને પાકિસ્તાનના ટુકડા કરાવીને નવા રાષ્ટ્ર બાંગ્લાદેશનું સર્જન કરાવ્યું.

■■■

કાશ્મીર મુદ્દે રશિયા ભારતને પડખે રહ્યું છે.

પુતિનની યાત્રા સમયે મીડિયામાં રિપોર્ટ છપાયા કે, રશિયાએ ૧૯૫૧માં યુએન સુરક્ષા પરિષદમાં કાશ્મીર મુદ્દે વીટો વાપરીને ભારતની મદદ કરી હતી. રશિયાએ ૧૯૫૭, ૧૯૬૨, ૧૯૭૧માં યુએન સિક્યુરિટી કાઉન્સિલમાં લવાયેલા ભારત વિરોધી ઠરાવો સામે વીટો વાપરેલો પણ ૧૯૫૧માં વીટો નહોતો વાપર્યો પણ મતદાનમાં ગેરહાજર રહ્યું હતું.

યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવ ૯૧માં ભારત-પાકિસ્તાન બંને કાશ્મીરમાંથી પોતપોતાનાં લશ્કર પાછા ખેંચે અને કાશ્મીર કોને આપવું તે માટે જમ્મુ અને કાશ્મીરમાં જનમત લેવાની જોગવાઈ હતી. ભારત એ વખતે યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં બિન કાયમી સભ્ય હતું જ્યારે રશિયા વીટો પાવર સાથે યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્ય હતું.

પાકિસ્તાનને ખુશ કરવા કાશ્મીરમાં જનમત યોજવાના ઠરાવને અમેરિકા તથા તેના સાથી દેશોએ ટેકો આપેલો જ્યારે ભારત, રશિયા અને યુગોસ્લાવિયા મતદાનથી ગેરહાજર રહ્યા હતા. ભારત પોતે જનમત માટે તૈયાર નહોતું તેથી આ ઠરાવ સ્વીકારાયો હોવા છતાં કદી તેનો અમલ ના થયો. રશિયાએ ત્યારે પણ આ ઠરાવ સામે વીટો વાપરવાની ઓફર કરી હતી પણ ભારતે જરૂર નહીં હોવાનું કહેતાં વીટો નહોતો વાપર્યો પણ ભારતની પડખે રહીને મતદાનમાં ભાગ નહોતો લીધો.

રશિયાએ ભારતની પડખે રહીને સંકેત આપી દીધેલો કે, જમ્મુ અને કાશ્મીરના મુદ્દે ભારતના વલણને રશિયા હંમેશા ટેકો આપશે. અમેરિકા તથા તેના સાથી દેશો આખું જમ્મુ અને કાશ્મીર પાકિસ્તાનને આપી દેવા માટે ઉંચાનીચા થતા હતા પણ રશિયા હંમેશા ભારતને પડખે રહેતાં યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં લવાયેલા બધા ઠરાવો ઉડી ગયા હતા.

કોલ્ડવોરના એ સમયમાં ભારત સત્તાવાર રીતે અમેરિકા કે રશિયા કોઈની છાવણીમાં નહોતું પણ રશિયાએ ભારત સાથેની દોસ્તી હંમેશાં નિભાવી. કોલ્ડવોરના સમયમાં કાશ્મીરમાં અમેરિકાની જાસૂસી સંસ્થા સીઆઈએએ અશાંતિ ઉભી કરવા બહુ પ્રયત્ન કર્યા હતા પણ રશિયાની જાસૂસી સંસ્થા કેજીબીએ એ પ્રયત્નોને નિષ્ફળ બનાવેલા. ઈન્દિરા ગાંધીએ રિસર્ચ એન્ડ એનાલિસીસ વિંગ (રો) બનાવી તેને પણ કેજીબીએ ભરપૂર મદદ કરી હતી.

■■■

ભારતીય લશ્કરને રશિયાએ તાકાતવર બનાવ્યું છે.

દેશ આઝાદ થયો ત્યારથી ભારત અને રશિયા વચ્ચે સહકાર શરૂ થઈ ગયેલો પણ આદર્શવાદી જવાહરલાલ નહેરૂ તટસ્થ રહેવાની વાતો કરતા તેથી ભારત અને રશિયા વચ્ચે શરૂઆતના વરસોમાં લશ્કરી સહકાર નહોતો. ૧૯૬૨માં ચીનના આક્રમણ વખતે ભારતીય લશ્કરની નબળાઈઓ છતી થઈ પછી નહેરૂને લશ્કરને મજબૂત કરવાની જરૂરિયાત વર્તાઈ ત્યારે મદદ કરનારો સૌથી પહેલો દેશ રશિયા હતો.

રશિયાએ ૧૯૬૨માં ભારતમાં મિગ-૨૧ ફાઈટર જેટ બનાવવા માટેના પ્લાન્ટની સ્થાપના કરીને ભારતીય લશ્કરને મજબૂત કરવાની શરૂઆત કરી. રશિયાએ મિગ-૨૧ માટેની ટેકનોલોજી જ ભારતને ના આપી પણ ભારતમાં પ્લાન્ટ નાખીને સ્થાનિક સ્તરે ઉત્પાદન કરવાની તૈયારી બતાવીને ભારતમાં રોજગારી પણ આપી હતી. ૧૯૬૫માં ભારત-પાકિસ્તાનના યુધ્ધને પગલે અમેરિકાએ પ્રતિબંધ લાદ્યા ત્યારે રશિયાએ ભારતને આર્ટિલરીથી માંડીને બુલેટ સુધીના બધા મિલિટરી હાર્ડવેર પૂરા પાડ્યા હતા.

રશિયાની મદદના કારણે બંને દેશો વચ્ચે સંરક્ષણ સહકારનો શરૂ થયેલો યુગ આજેય ખતમ થયો નથી. રશિયાએ ભારતને ૧૯૬૭માં ૨૦૦ એસયુ-૭ ફાઈટર બોમ્બર આપીને ભારતીય વાયુસેના (IAF) ને મજબૂત બનાવી. પાકિસ્તાન પાસેના જેટ કરતાં અનેક રીતે બહેતર આ ફાઈટર જેટે ૧૯૭૧ના યુધ્ધમાં ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

૧૯૮૦ના દાયકામાં ભારતે આર્મીને મજબૂત બનાવવા માટે વૈવિધ્યકરણ શરૂ કર્યું ત્યારે સોવિયેત સંઘે ભારતને અદ્યતન શસ્ત્રો અને ટેકનોલોજી આપી, રશિયાએ ભારતને પહેલા આપેલા ટેન્ક, ફાઈટર જેટ, મિસાઈલ અને યુદ્ધ જહાજો સહિતના સાધનોને અપડેટ કર્યા અને ૧૯૮૭માં ભારતને પરમાણુ સબમરીન ભાડે આપી હતી.

આ સહકાર સતત વધતો ગયો અને અત્યારે ભારતીય લશ્કર રશિયાના કારણે દુનિયામાં સૌથી મજબૂત લશ્કરોમાં એક છે. ભારતીય લશ્કરની મુખ્ય યુદ્ધ ટેન્ક T-૭૨ અને T-૯૦ રશિયન છે જ્યારે Su-૩૦ મુખ્ય લડાયક વિમાનો છે. ઈન્ડિયન એરફોર્સની કરોડરજ્જુ કહેવાતા આ ફાઈટર જેટ સામે કોઈ ટકી શકતું નથી. બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ વિકસાવવામાં પણ રશિયાએ ભારતને મદદ કરી છે અને તેની રેન્જ વધારવા માટે વધુ અપગ્રેડ કરવામાં રશિયા સતત મદદ કરી રહ્યું છે.

આ તો થોડાંક ઉદાહરણ છે પણ રશિયા સતત ભારતને લશ્કરી તાકાત વધારવામાં મદદ કરતું જ રહે છે. બંને દેશો વચ્ચે સહકારનો નવો યુગ શરૂ થઈ રહ્યો છે ત્યારે આશા રાખીએ કે, નવાં ક્ષેત્રોમાં પણ રશિયા મદદ કરીને ભારતને મજબૂત બનાવે. ■


sanjogpurti@gmail.com


# ફળોનો હિમેન : પપૈયું




ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા


ફળોનો રાજા ભલે કેરી કહેવાતી હોય, ફળોનો હિમેન તો પપૈયું જ છે. પપૈયું મડદાંને ભલે બેઠા ન કરી શકતું હોય પણ મડદું બની જવાની અણી સુધી પહોંચી ગયેલા લોકોને ફરી દોડતા જરૂર કરી શકે છે.

પપૈયા, જેને કેરીકા પપૈયા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક ઉષ્ણકટિબંધીય ફળ છે જે માત્ર સ્વાદિષ્ટ જ નથી, આયુર્વેદમાં પણ ખૂબ મહત્વ ધરાવે છે, જે પ્રાચીન ભારતીય ચિકિત્સા પદ્ધતિ છે. આયુર્વેદ પપૈયાને એક શક્તિશાળી હીલિંગ ફળ માને છે જે સ્વાસ્થ્ય લાભોની વિશાળ શ્રેણી આપે છે.

આયુર્વેદમાં પપૈયાનું ખૂબ મૂલ્ય કેમ છે તેનું એક મુખ્ય કારણ તેના પાચન ગુણધર્મો છે. પપૈયામાં પપૈન નામનું એન્ઝાઈમ હોય છે, જે પ્રોટીનના પાચનમાં મદદ કરે છે અને પેટનું ફૂલવું, અપચો અને કબજિયાત જેવી પાચન સંબંધી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. નિયમિતપણે પપૈયાનું સેવન કરવાથી પાચનમાં સુધારો થાય છે અને આંતરડાના એકંદર આરોગ્યને પ્રોત્સાહન મળે છે.

પપૈયું તેના ડિટોક્સિફાઈંગ પ્રોપર્ટીઝ માટે પણ જાણીતું છે. આયુર્વેદ અનુસાર, પપૈયા શરીરના ઝેરી તત્વોને સાફ કરવામાં અને લોહીને શુદ્ધ કરવામાં મદદ કરે છે. આ બાબત તેને બિનઝેરીકરણ અને કાયાકલ્પ માટે ઉત્તમ ફળ બનાવે છે. પપૈયાનું નિયમિત સેવન શરીરની કુદરતી ડિટોક્સિફિકેશન પ્રક્રિયાઓને સુધારવામાં અને એકંદર આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવામાં મદદ કરી શકે છે. તેના પાચન અને બિનઝેરીકરણ ગુણધર્મો ઉપરાંત, પપૈયામાં વિટામિન્સ, ખનિજો અને એન્ટીઑકિસડન્ટો પણ સમૃદ્ધ છે. તે વિટામિન સી, વિટામિન એ, ફોલેટ, પોટેશિયમ અને ફાઈબરનો સારો સ્ત્રોત છે, જે સારૂં સ્વાસ્થ્ય જાળવવા માટે જરૂરી છે. આયુર્વેદ પપૈયાને ત્વચાના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માને છે. પપૈયામાં રહેલા વિટામિન્સ અને એન્ટીઑકિસડન્ટ્સ ત્વચાને પોષણ આપવામાં, બળતરા ઘટાડવામાં અને સ્વસ્થ રંગને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. પપૈયાનો ઉપયોગ ચહેરાના માસ્ક તરીકે કરી શકાય છે અથવા ત્વચાના સ્વાસ્થ્યને સુધારવા અને વૃદ્ધત્વના સંકેતોને ઘટાડવા માટે આંતરિક રીતે તેનો ઉપયોગ કરી શકાય છે. એટલે ઘરડા ન દેખાવું હોય તો પપૈયા ખાવા જરૂરી છે. પપૈયા બજારમાં થોડા મોંઘા પણ મળે છે એટલે બજારમાંથી ખરીદી ખરીદીને થાક્યા હોવ તો ઘરના આંગણામાં કે વાડીના ખૂણામાં પાંચ સાત પપૈયાના ઝાડ નાખી દો. ખાધા નહીં ખૂટે.

જે રીતે હાથી જીવતો લાખનો અને મરેલો સવા લાખનો કહેવાય છે એ રીતે પપૈયું પાકું લાખનું અને કાચું સવા લાખનું એમ પણ કહી શકાય. પાકુ પપૈયું ખાવામાં અને જ્યુસ બનાવીને પીવામાં એમ લગભગ બે જ કામમાં આવે છે પણ કાચા પોપૈયાના તો અનેક અનેક ઉપયોગ છે. કાચા પોપૈયામાંથી ટુટીફ્રુટી, પેઠા, સલાડ, ભજીયા, કોફતા સહિત અનેક વાનગીઓ બને છે. પપૈયાના બીજ અને તેના પાન કેન્સરની દવામાં વપરાય છે. કેટલાક લોકો તો પપૈયાના પાનની ફાકી ખાઈ ગયા હોય અને કેન્સરની ફિકરની ફાકી થઈ ગઈ હોય એવા પણ દાખલા છે. પપૈયું દેખાવમાં સોફ્ટ લાગે છે. ખાતી વખતે ઠંડુ લાગે છે પણ વાસ્તવમાં તે ગરમ છે. હિમેન ધર્મેન્દ્રની માફક તે ગરમ ધરમ છે. ઠંડી ઋતુમાં તે ખાસ ખાવું જોઈએ. પપૈયા ખૂબ દાબો. ઘરની વાડીના હોય કે મિત્રની વાડીના અથવા દુકાનના હોય, ( ટૂંકમાં પૈસા દેવાની જરૂર ન પડે એવી કોઈપણ જગ્યાના હોય) ગળ્યા ગળ્યા પપૈયા બસ ખાધા જ કરો. ફક્ત પૈસા ચૂકવવાના હોય તો જ પપૈયા ખાવામાં માપમાં રહેવું જોઈએ એવો મારો મત છે. કારણ કે પૈસા ચૂકવીને અતિશય પપૈયા ખાવાથી વિટામિન "એમ"ની ખામી સર્જાય છે. અને વિટામિન એમની ખામીથી અનેક માનસિક રોગ થાય છે જે પછી પપૈયા તમને રિકવર નહીં કરી આપે. પપૈયા ખાઈ ખાઈને ઢમઢોલ થઈ ગયા પછી પપૈયાના પાંચ, સાત કે વધીને દસ જેટલા બીની પણ કદર કરો. પપૈયાના કાળા બી ઉપર કંઈક કૂણુંકૂણું હોય છે. એને અંગૂઠો અને એક નંબરની આંગળી વચ્ચે દબાવીને ગોળ ગોળ ફેરવવાની મજા પણ માણો. તેને જીભ અને તાળવા વચ્ચે એકદમ નરમાઈથી મમળાવો. કશુક કુણુંકુણું અડવાનું આનંદ મેળવો અને પછી આ બી ચાવી જાવ. કહેવાય છે કે એનાથી કેન્સર તમારી આસપાસ આંટાફેરા મારતું હશે તો તે આવતા પહેલા જ જતું રહેશે. પપૈયું ખાવાથી અતિશય ગળપણના કારણે મોઢું ભાંગી ગયું હશે તો પણ તેના બીની આછેરી તીખાશ મોઢાને ફ્રેશ બનાવી દેશે.


■ naranbaraiya277@gmail.com


# ખુશ રહેવાની કલા..




સામાજિક અને શૈક્ષણિક



ડો. વિપુલ ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)


આજના ભૌતિકવાદમાં અનેક પ્રકારની આપત્તિઓ અને તનાવગ્રસ્ત જીવન વ્યતિત કરતા અસંખ્ય માણસો જોવા મળે છે. આવા સમયે વિકટ સંજોગો હોય ત્યારે ખુશ કઈ રીતે રહેવું તે પણ કલા છે. ગુજરાતીમાં એક કહેવત છે લાફો મારીને ગાલ રાતા રાખવા તેના કરતાં આપણા મન અને હૃદયને પ્રફુલ્લિત રાખવા માટે હંમેશા હકારાત્મક વિચારો રાખી ખુશ રહેવું જોઈએ છે. આજે સારું જીવન જીવવા માટે લોકો મેડીટેશન કરે છે. યોગ, પ્રાણાયામ અને હૃદયની એકાત્મક લાગણીને ભાવના સભર રાખવા પ્રયત્ન કરે છે. માણસે જીવનમાં નક્કી રાખવું જોઈએ કે આ જીવન નાશવંત છે, જેનું સર્જન થયું છે તેનું વિસર્જન થવાનું જ છે તો શા માટે પ્રભુએ આપેલો આ જનમ આનંદ અને ઉલ્લાસમાં ના વિતાવીએ? મનને વિચલિત થતું અટકાવવા માટે આત્મબળ મજબૂત હોવું જોઈએ. આપત્તિઓ વચ્ચે અવસર ઉભો કરવો એ સૌથી મોટી કલા છે. સંસારની મોહ અને માયામાં સુખ અને દુઃખ આવવાના છે. એવા સમયે સ્થિતપ્રજ્ઞ રહેવું એ પણ કલા છે. દુનિયાના જેટલા પણ મહાપુરુષો સફળ થયા છે તેની પાછળ તેમણે અપેક્ષા સીમિત કરી નાખી. જેટલી અપેક્ષા વધારે એટલું દુઃખ વધારે. સિદ્ધિ મેળવવા માટે સંકલ્પબદ્ધ કર્મ કરવું જોઈએ. પરંતુ અતિ લોભ તે પાપનું મૂળ છે. જે છે તેને નિજાનંદ સમજી ખુશ રહેવા પ્રયત્ન કરવો જોઈએ. ખુશી હૃદયને સ્વસ્થ રાખે છે. નિરાશાના અંધકારમાં ખુશી દટાઈ જાય છે. નિરાશા એ તો માણસે સ્વીકારી લીધેલી પરિસ્થિતિ છે આશામાં ખુશી અને સફળતા છે.

આજે મોજશોખ, દેખાદેખી બીજા કરતાં હું વધારે સારો છું અથવા સારી છું તે દર્શાવવા માટે બિનજરૂરી પ્રયત્ન કરે છે. ચાદર હોય તેટલા જ પગ પહોળા કરવા જોઈએ નહીં તો ઠંડી લાગે અને મચ્છર કરડે. મરચું ને રોટલો ખાતા હોઈએ પરંતુ તેમાં આનંદ હોવો જોઈએ. આનંદ કોઈ મેડિકલ સ્ટોરમાં મળતો નથી. આનંદ આપણે કેળવવાનો હોય છે. રોડ અને રસ્તા ઉપર ગરીબ લોકો ભીખ માગીને પણ ખુશીથી ખોરાક આરોગતા હોય છે. જ્યારે આપણા ઘેર ગાડી, બંગલા અને તમામ ભૌતિક સગવડ હોય તેમ છતાં આનંદ હોતો નથી. તેનું મૂળ કારણ સ્વભાવ અને અહમ જવાબદાર હોય છે.

પારિવારિક સુખ શાંતિ એટલા માટે નથી આવતા કે ઘરમાં આનંદ હોતો નથી. સ્વભાવમાં અહમ પ્રવેશે ત્યારે ઘરની બરબાદીનું મૂળ કારણ નિર્માણ થાય છે. સમાજમાં ખુશી એટલે નથી કે અહમ ટોચ ઉપર હોય છે. “હું મારી સાસુને શું કામ બોલાવું” આવા અહમમાં ઘરની બરબાદી અને પતિની બીમારી નિર્માણ કરવામાં ઘણી પત્નીઓનો અહમ રોલ હોય છે. આદમીની સેવા કરવા કરતા ઘરમાં રહેલા સાસુ-સસરાની સેવા કરવાથી ખુશીનો માહોલ ઊભો થઈ શકે છે. ગમે તેટલું શિક્ષણ આવે પરંતુ સમજણશક્તિ ના આવે તો તે બધી ડિગ્રીઓ કાગળ છે? આધ્યાત્મિકતા અને સંસ્કાર ઘરના ખુશીના માહોલમાંથી નિર્માણ થાય છે. ત્યાગ અને સમર્પણ આ બે એવા પગ છે જે માનવીને સ્વર્ગની યાત્રા કરાવે છે. આજે તનાવના કારણે અનેક પ્રકારના રોગો નિર્માણ થયા છે. લોકો લાફિંગ ક્લબમાં જાય છે પરંતુ ઘરમાં ‘ઉતરી ગયેલી કઢી’ જેવું મોઢું રાખી જીવતા લોકો અસંખ્ય છે.

હંમેશા ખુશ રહેવા માટે તમારા અંતરાત્મા સાથે જોડાણ કરો. બિનજરૂરી ચર્ચાઓને કાન અને હૃદય સુધી પહોંચવા દેવા નહીં. હંમેશા દરેક ઘરમાં મંથરા અને ઝેરીલી પ્રજા રહેવાની તેવા સમયે સમજણશક્તિ અને ખુશ રહેવાની કલા જીવન જીવવાની સંજીવની અર્પણ કરશે. આજે અનેક સમસ્યાઓનું મૂળ કારણ ખુશ ન રહેવાનું છે. આપણા ચહેરા ઉપર આનંદનો અરીસો હોવો જોઈએ. ‘સ્માઈલિંગ ફેસ’ ખુશીઓનો માહોલ ઉભો કરી શકે છે. શુદ્ધ આહાર અને સાત્વિક વિચારો મનુષ્યના મનને મજબૂત બનાવે છે. માત્ર એકલી આધ્યાત્મિકતાથી શાંતિ નહીં આવે, શાંતિ લાવવા માટે મન અને હૃદયને ખુશ રાખવા પડશે. ખુશી નામનું પવિત્ર ઝરણું હૃદયમાંથી વહેતું હશે તો તમારું જીવન પાણીના પ્રવાહ જેટલું સ્વસ્થ સ્વચ્છ રહેશે. લોભ, કપટ, પ્રપંચ, અહમ અને મૌન ઘણી વખત અનેક પ્રકારની વેદના આપે છે. આવા સમયે સમાજમાં સુખી જીવન જીવવા માટે સંતોષ જરૂરી છે. જરૂરિયાતો જેટલી ઓછી એટલે શાંતિ અને આનંદ વધારે હોય છે. મારા વાચક વર્ગને લેખન સામગ્રી સમર્પિત કરીને ખુશ રાખવા પ્રયત્ન કરું છું. ખુશ રહો અને લાંબુ જીવન જીવો... વંદે માતરમ્ ■


Mo.9825702282

# સરગવામાં મલ્ટિવિટામિનનાં ગુણો



સરગવાને લેટીન ભાષામાં **Mroinga Oleifera** અને અંગ્રેજીમાં **Hrose Radish Tree** તરીકે ઓળખવામાં આવે છે. સરગવાના વૃક્ષો ખૂબ જ મોટા હોય છે. જેની ઉંચાઈ ૧૫ થી ૩૦ ફૂટ સુધીની હોય છે. થડ ૨ થી ૪ ફૂટના ઘેરાવાનું હોય છે. સરગવાની છાલનો રંગ કંઈ ભૂખરો હોય છે. પાન આમલી કે સરસડાના પાનને મળતા લાગે છે. લાકડું ખૂબ જ પોચું હોવાથી ઈમારતી કામમાં આવતું નથી. સરગવો સફેદ, કાળા અને લાલ રંગના ફૂલો વાળા ત્રણ જાતના થાય છે. તેના ફૂલોમાંથી મધના જેવી સુગંધ આવે છે. સરગવાની શિંગોની લંબાઈ ૧૦થી ૧૬ ઈંચ સુધીની હોય છે. તેનો રંગ લીલો હોય છે તેની છાલ કઠણ અને શીંગોની અંદર સફેદ રંગનો ગર્ભ હોય છે. જેમાં કૂણા બીજો હોય છે. સરગવાને મહા-ફાગણ માસમાં ફૂલો અને ચૈત્ર વૈશાખમાં શિંગો આવે છે. સરગવાના વૃક્ષો બાગ-બગીચા, વાડીઓ તેમજ ઠેર-ઠેર જોવા મળે છે. સફેદ ફૂલોનો સરગવો લગભગ સર્વત્ર થાય છે. શાક બનાવવા માટે શીંગો ઉપયોગમાં આવે છે. જેમાં લોટ છાંટી સ્વાદિષ્ટ શાક બને છે. સરગવાના ઝાડનો ગુંદર શરૂઆતમાં સફેદ રંગનો અને પછી તે ઘટ લાલ રંગનો કાળાશ પડતો થાય છે. સરગવાના બીજમાંથી ૩૫ થી ૪૦ ટકા તેલ મળે છે જે સ્વચ્છ અને પાતળું હોય છે, જે સુગંધી તેલ બનાવવામાં ખૂબ જ ઉપયોગી થાય છે. શીંગો કાંટાયુક્ત અને લીસી બે પ્રકારની થાય છે. કાંટાયુક્ત શીંગો શ્રેષ્ઠ છે.

ઔષધીય ઉપયોગ :૧) સરગવાના પાંદડા, તેની છાલ અને શીંગો ભેગા કરી તેને સૂકવી દો અને પછી તેનું ચૂર્ણ બનાવી રોજ સવારે અને સાંજે એક-એક ચમચી ચૂર્ણ પાણી સાથે લેવાથી શરીરમાં નબળાઈ, થાક, ચીડીયાપણું દૂર થાય છે. ૨) સરગવાના નિયમિત સેવનથી કેલ્શિયમ અને આયર્નમાં વધારો થાય છે.૩) સરગવાનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. ૪) સરગવાના પાનનો રસ કાઢીને ગોળ સાથે સેવન કરવાથી માથાના દુ:ખાવામાં રાહત થાય છે.

**સરગવામાં રહેલા પોષકતત્વોનું પ્રમાણ (પ્રતિઃ ૧૦૦ ગ્રામ)**

| | |
|---|---|
| કેલરી | ૪૮ કેલરી |
| પ્રોટીન | ૧.૧૮ ગ્રામ |
| કેલ્શિયમ | ૫૬ મિ.લિ. ગ્રામ |
| આયર્ન | ૦.૪૨ મિ.લિ. ગ્રામ |
| રેસા | ૩.૩ ગ્રામ |
| મેગ્નેશિયમ | ૨૭ મિ.લિ. ગ્રામ |
| ફોસ્ફરસ | ૩૧ મિ.લિ. ગ્રામ |
| પોટેશિયમ | ૨૪૬ મિ.લિ. ગ્રામ |
| સોડિયમ | ૪૨૦ મિ.લિ. ગ્રામ |
| વિટામિન સી | ૨૪.૯ મિ.લિ. ગ્રામ |

૫) સરગવાનાં પાંદડાનો રસ તેમાં મધ નાખી અંજન કરવાથી મોતિયા ઉપર ફાયદો થાય છે. ૬) સરગવાના મૂળનો કાઢો બનાવી પીવાથી હેડકી દૂર થાય છે.૭) કાનમાં રસી અથવા દુઃખાવામાં સરગવાના ફૂલો સૂકવી તેનું ચૂર્ણ કાનમાં ફુંક મારવાથી કાનનો દુઃખાવો મટે છે ૮) સરગવાની સિંગનો સૂપ હળદર, મરી, ધાણાજીરું નાખી પીવું જેથી મેદ દુર થાય છે. તથા ૧૧ પાંદડાની ચા બનાવી તેમાં અડધું લીંબુ નીચોવીને પીવાથી મોટાપો ઓછો થાય છે. ૯) ખોડા ઉપર સરગવાનાં પાંદડાનો રસ માથામાં લગાવવાથી વાળમાંથી ખોડો દૂર થાય છે.૧૦) સરગવાના મૂળનો કાઢો કરી પીવાથી પથરી દુર થાય છે.

તો દરેક ખેડૂત ભાઈઓ તથા બહેનોએ તેના ખેતરે પાંચ સરગવાના ઝાડ અવશ્ય ઊછેરવા જોઈએ તથા પોતાનું તથા પોતાના પરિવારનું સ્વાસ્થ્ય સાચવવું જોઈએ. સરગવાની ખેતી કરવાથી પણ કમાણી કરી શકાય છે. સરગવાનું મૂલ્યવર્ધનકરી તમામ બેકરી આઈટમ બનાવી શકાય છે. જેવી કે બિસ્કિટ, નાન ખટાઈ, વગેરે. સરગવાની સુખડી, થેપલા, ખાખરા જેવા પૌષ્ટિક ખોરાકમાંથી ખુબ સારા પ્રમાણમાં પોષકતત્વો મળી રહે છે. તેનું વેચાણ કરીને પણ આવક મેળવી શકાય છે. સરગવાના સુકા ૧૦૦ ગ્રામ પાન ૧૫૦ રૂપિયાના ભાવથી વેચાય છે. આમ આમાંથી સારી કમાણી પણ થાય છે. સરગવો રોગ પ્રતિકારક શક્તિ વધારનાર, મેદ દુર કરનાર, આરોગ્યવર્ધક, વધતી ઉંમર અટકાવનાર, તમારા શરીરને મલ્ટિવિટામિન પૂરા પાડનાર વૃક્ષ છે.


વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# મોટા મોટા શહેરોમાં આવા નકલી/ફેક લગન થઈ રહ્યા છે




બકાના મનમાં પ્રશ્નો ઉછળતા હતા.' બ્રાહ્મણ વગરના લગન તો હાંભળ્યા હતા. પણ, કન્યા વગરના લગન? વરરાજા વગરનાં લગન? આ વળી નવું આવ્યું.

અને, આવા લગન કરે કોણ? અને શા માટે કરે? અને આવા લગનમાં વર કન્યાનાં સંબંધીઓ કોણ હોય? '

બકાએ આખરે બોસને મૂકીને સીધું જ અભણ અમથાલાલને પૂછી જ નાખ્યું.

'હેં..એ.. અમથાલાલ. તમે આ નકલી લગનની વાત કરો છો, વર કન્યા વગરના લગનની વાત કરો છો પણ, આવા લગન કોણ કરે છે? અને શા માટે કરે છે?'

'બકા, તું હજી જૂની સદીમાં જીવે છે. મોટા મોટા શહેરોમાં આવા નકલી/ફેક લગન થઈ રહ્યા છે. એમાં વરની કે કન્યાની જરૂર પડતી નથી. મતલબ! વર કન્યા હોય છે પણ, નકલી હોય છે. ભાડુતી હોય છે.'

'પણ, આવા લગનથી શું ફાયદો? અને કોને ફાયદો?'

'બકા, માણસો પૈસા કમાવા જેમ દુકાન શરૂ કરે એમ પૈસા કમાવા જ તો આવા લગન કરે છે. જેમાં નકલી કંકોત્રીથી માંડીને જાનૈયા, માંડવીયા હંધૂય નકલી હોય છે. માત્ર રૂપિયા જ હાચા હોય છે.'

'હા પણ, આવા નકલી જાનૈયા, નકલી માંડવીયા બને કોણ? અને શા માટે?'

બકાના પ્રશ્નો પુરા જ નહોતા થાતા.

'પૈસાદાર લોકોના પોયરાઓ અને પોયરીઓ. જેમણે હાચા લગનમાં ન કર્યું હોય ઈ અહીં કરે છે. મનમાં ને મનમાં રહી ગયેલી અ-તૃપ્ત વાસનાઓ એ અહીં પુરી કરે છે. '

'છી..છી..છી.. આવું બધું અહીં થાય છે? તો..તો.. આ લોકો કળીયુગને 'ય ટપી ગયા કહેવાય. આવું બધું જોવાય તો નહીં, પણ હંભળાય પણ નહીં.'

'ના..ના..ના, બકા ના. તું હમજે છે એવું નહીં. અ-તૃપ્ત વાસનાઓ એટલે ખાવું, પીવું વિગેરે...'

'પણ, અમથાલાલ ગુજરાતમાં તો દારૂબંધી છે. તો પછી આ પીવાની વાત ક્યાંથી આવી? શું પોલીસ હપ્તા લઈને આવી પરમિશન આપે છે? કે પછી પોલીસવાળાના છોકરાઓ પણ આમાં સામેલ હોય છે ?'

'બકા આ... પીવું એટલે પાણી પીવું. ખાધાં પછી પાણી ન પીવે? એ પીવાની વાત છે. તું પાછો આડે પાટે વયો જાસો.'

'ના અમથાલાલ ના. હું હાવ આડે પાટે 'ય નથી હાલતો. મેં ઘણી જગ્યાએ જોયું છે. લગનમાં જેમ ઘરધણી હંધી 'ય વ્યવસ્થા કરે એમ એક ટૂકડી હારું આવી 'ય વ્યવસ્થા કરવી પડે છે. જાણે એક પ્રણાલી જ બની ગઈ છે. અને રે'તા- રે'તા એક પ્રથા થઈ જાહે.'

'બકા તું હાવ ખોટો છો એવું મારું કેવાનું નથી. એવું હંધુ 'ય છાને ખૂણે કદાચ! હાલતું હશે. પણ ! ગુજરાતમાં દારૂબંધી છે, ઈ તો ના જ ભુલાય ને..!!"

'તો તો, એવું હાદુ હાદુ તો હંધૂય બીજા લગનમાં 'ય હોય છે. આમાં વળી નવું શું છે?'

'તું તો ભારે ઉતાવળો..! લગનમાં 'ય ઉતાવળો અને વાત હાંભળવામાં 'ય ઉતાવળો. મને બોલવા તો દે. આ લગન ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ કરતી હોય છે. એટલે આમાં લોડેડ મનોરંજન, ફુલ્લી બોલ્ડ ડાન્સ, માથું ફાડી નાખે એવું સંગીત અને હારે..હારે..રીલ્સની 'ય મજા.

અને આવું બધું પ્રોફેશનલ કલાકારો કરે છે. તમને મન થાય તો તમારે 'ય જોડાઈ જાવાનું હોય છે.

ન કોઈ તમને રોકે, ન કોઈ તમને ટોકે. મન ભરીને નાચો. મન ફાવે એમ નાચો. મનમાં આવે એની હારે નાચો. અને મનમાં આવે ત્યાં સુધી નાચો.. નાચો..ને બસ નાચો.'

'પણ, આમાં મને શું ફાયદો? હું ક્યાં આવ્યો? મારા જેવા ઘણા 'ય ક્યાં આવ્યા??'

જો બકા, તારા જેવા કોઈને બે-ચાર કલાક માટે વર બનવું હોય, કન્યા બનવું હોય તો ઈ 'ય સગવડ થઈ જાય. એટલે બે-ચાર કલાક તો બે-ચાર કલાક. લગન તો થાય..!!'

'અમથાલાલ, આવા મોંઘવારીના જમાનામાં માણસને એક સામાન્ય લગનનો પ્રસંગ કરવો હોય તોય આંખે પાણી આવી જાય છે. લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. તો પછી.., આટલો મોટો ખર્ચો આવા અ-તૃપ્ત માનવીઓ માટે કોણ કરતું હશે ? અને શા માટે કરતું હશે ? આ વાત મને ગળે ઉતરતી નથી.'

'મેં પહેલા તો કહ્યું કે, આવું આયોજન ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ કરે છે.'

'તો પછી એને શું ફાયદો?'

'બકા, આવા લગનની કંકોત્રી દેવામાં નથી આવતી. વહેંચવામાં નથી આવતી. વેચવામાં આવે છે. જેવડું મોટું આયોજન, એવડી મોટી કંકોત્રીની કિંમત. તમારે આવા લગનમાં જાવું હોય, એમાં હાજરી આપવી હોય, તો અસલી હજારો રૂપિયા ખર્ચીને કંકોત્રી લો. અને આવા નકલી લગનમાં હાજરી આપો.'

'અમથાલાલ.. અમથાલાલ.., અત્યાર સુધી આપણે નકલી ઘી, નકલી માખણ, નકલી દૂધ, નકલી છાસ, ઈવન નકલી શું નથી? આ હંધુ 'ય સાંભળ્યું 'તું. હવે બાકી હતું તે, નકલી લગન..!?? વાહ ! રે વાહ !! માણસ. તું કેટ-કેટલો રંગ બદલીશ!?? અને ક્યારે ક્યારે રંગ બદલીશ!?? કાંઈક તો રિવાજ જેવું રે 'વા દે. થોડો 'ક તો ઉપરવાળાનો ડર રાખો. '

અમથાલાલ, આવા ફેક લગનના મેળાવડાઓ આપણી પવિત્ર લગ્ન સંસ્થાને ભાંગી નાખશે હોં.


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ
kalubhaibhad123@gmail.com

# જીવનમાં માણો રખડપટ્ટીનો આનંદ





સ્વ સાથે રૂબરૂ થવાની તક : જ્યારે તમે ઘર - ઓફિસ - કામકાજ મૂકીને સફર પર જાવ છો, ત્યારે તમને તમારી સાથે જોડાવાનો પૂરતો સમય અને તક મળે છે. બીજા સાથે વાતચીત કરવી સરળ છે, પણ ખુદની સાથે વાત - વિમર્શ કરવા એ થોડું અલગ અને ફાયદાકારક હોય છે, સફર, આપને આપની જ શોધમાં મદદકર્તા નિવડે છે અને ઉત્તમ માનવી બનવામાં સાર્થકતા બક્ષે છે.

સંકોચ દૂર થાય છે : જ્યારે તમે સફર કરો છો, ત્યારે તમે તમારા સ્થાન સુધી જવા માટે બધુ જ કરી છૂટો છો. જે તમારા સંકોચને દૂર કે છે અને આપને સાહસિક અને મિલનસાર બનાવી દે છે.

ધીરજનો પાઠ શીખાય છે : સફર, આપને કોઈપણ પુસ્તક વગર ધૈર્યનો પાઠ શીખવે છે. જેમ કે તમે કોઇ અજાણી જગ્યાની યાત્રાની યોજના બનાવો છો, ધૈર્ય રાખવાની કળા આપનામાં સ્વાભાવિક પણે જ આવવા લાગે છે, ધૈર્ય જ, આપની કોઈપણ સફરમાં શીખેલી ચીજોનો મૂળમંત્ર બની રહે છે.

દરેક સેકન્ડ ખૂબસૂરત : સફર, આપને દરેક જગ્યાએ ખુશી શોધવામાં મદદ કરે છે. એ આપણને અહેસાસ કરાવે છે કે, ખુશી નાની - નાની પળો કે વસ્તુઓમાં પણ હોય છે. જયારે તમે સફર કરવાનું વિચારો છો, ત્યારે આપની જીંદગીની દરેક-દરેક સેકન્ડ ખૂબસૂરત બની જાય છે, તમે ખુશીથી ઝૂમી ઉઠો છો, કેમ કે સફર આપને ખુશ રાખે છે અને એ અહેસાસ કરાવે છે કે આપની દરેક પળ કેટલી કિંમતી છે.

તનાવથી મુક્તિ :

સફર આપના તનાવને દૂર કરે છે અને જ્યારે તમે તમારા જીવનમાં સ્ટ્રેસથી દૂર થાવ છો, ત્યારે તમે સમજી શકો છો કે આપના જીવનમાં કઇ બાબતની અધિક મહત્તા છે. એથી જીવનને એક નવા જ દ્રષ્ટિકોણથી જોવા - જાણવા - વિચારવાનો મોકો મળે છે, ને પોતાને એ વિશ્વાસ અપાવી શકો છો કે તમે એક જ જગ્યાએ ફસાયેલા કે વ્યસ્ત નથી પણ તમે તમારા જીવનને સારી રીતે જીવી શકો છો ને સંસારને જાણી - સમજી શકો છો. પરિણામે, આપોઆપ તનાવમાંથી મુક્તિ મળે છે.

સફરના ફાયદા :

હરવું - ફરવું એ મન - મૂડને તો તાજગી પ્રદાન કરે છે, સાથોસાથ કેટલાય પ્રકારની બીમારીઓ પણ દૂર કરે છે. જેવી કે - હાર્ટ સ્ટડીના એક અધ્યયન અનુસાર, જે લોકો અધિક યાત્રા (સફર) કરે છે, એમનામાં હાર્ટ એટેક કે અન્ય બીમારીઓની શક્યતા ઓછી રહે છે. હરવા - ફરવાથી અલગ - અલગ વાતાવરણના સંપર્કમાં અવાય છે, જેથી મજૂબત એન્ટીબોડીઝનું નિર્માણ થાય છે. એનાથી ઈમ્યૂન સિસ્ટમ દ્રઢ બને છે.

- એક અધ્યયન અનુસાર ૩૫ થી ૫૦ વર્ષની વચ્ચેના લોકોએ વર્ષ દરમિયાન ત્રણ - ચારવાર નાની - મોટી ટુર પર ફરવા જવું જોઈએ. એનાથી શારીરિક અને માનસિક રીતે લાભ મળે છે.

માઈન્ડ બોડી સેન્ટરમાં થયેલા એક અધ્યયનનું માનો તો હિલ સ્ટેશને જવાથી રકત દબાણ અને મેદસ્વીતા ઘટે છે અને હાડકાં પણ મજબૂત બને છે.

- મસ્તકમાં રહેલું ન્યૂરલ પાથવેઝ નવી જગ્યાઓ અને વાતાવરણને જોવા - જાણવાથી પ્રભાવિત થાય છે. એનાથી મન - મગજની રચનાત્મક ક્ષમતા અને સક્રિયતા વધે છે.

- વૈજ્ઞાનિક દ્રષ્ટિએ એ સાબિત થયું છે કે સફરથી ખુશી અનુભવાય છે. યાત્રા પછીના કેટલાય દિવસો સુધી તમે ઓછા ચિંતિત અને સુંદર મૂડની સ્થિતિમાં રહી શકો છો.

-પ્રકૃતિ, બર્ફીલા સ્થળો, ધાર્મિક સ્થળો, મંત્રમુગ્ધકર વાતાવરણવાળી જગ્યાઓ પરની આબોહવામાં હીલિંગ પ્રોપર્ટીઝ પેદા થાય છે, જેનાથી દુઃખ દર્દ દૂર થવાની સાથોસાથ ઉંમર વધે છે.

ટિકિટ : " માણસ પોતાની જરૂરિયાત સંતોષવા દુનિયાભરની સફરે નીકળે છે, અને તે શોધવા ઘરે પાછો ફરે છે...!" (ક્રમશઃ)

જીવન તરંગ

જયસ્વી પટેલ
sanjogpurti@gmail.com



# બટાકો ગબડચો!



એક હતો નાનકડો, ગોળમટોળ બટાકો. તેનું નામ હતું બબલું. બબલું બટાકો રસોડાના કબાટમાં બીજાં શાકભાજીઓ સાથે રહેતો હતો. એની બાજુમાં ગબલું ગાજર, કક્કુ કાકડી અને ડોળા કાઢતા ડુંગળીકાકા રહેતા હતા.

આ બધાંમાં બબલું જરા તોફાની હતો. તેને કબાટમાં ભરાઈ રહેવું જરાય ન ગમે. બબલુ કબાટમાં રહી-રહીને કંટાળી ગયો હતો. એક દિવસ ધીમે રહીને તે કબાટમાંથી નીકળી ગયો. જેવો એ બહાર નીકળ્યો સીધો એ રસોડામાં જઈને પડ્યો. એને થયું, આહા! બહુ દિવસે બંદા બહાર નીકળ્યા. હવે તો ગબડવાની મજા પડશે મજા! રસોડાના લીસા પથ્થરો બબલુ માટે એક વિશાળ મેદાન જેવા હતા. બબલુએ આ લીસા પથ્થર પર ધીમે ધીમે ગબડવાનું શરૂ કર્યું, - "ગબડ.. ગબડ.. ગબડ..".

એક ખૂણામાં એક બિલાડી સૂતી હતી, જેનું નામ હતું મોતી. મોતીને લાગ્યું કે કોઈક નવું રમકડું આવ્યું લાગે છે. મોતીએ આંખો ખોલી અને બબલુને જોયો. બબલુ ડરી ગયો, પણ ગબડવાનું બંધ ન કર્યું. "અરે, આ શું છે? આટલું ગોળગોળ અને પીળુંપીળું... લાવ એને ખાઈ જાઉં! આમેય મને કકડીને ભૂખ લાગી છે. સ્વાદિષ્ટ લાગશે!"મોતી મ્યાઉં-મ્યાઉં કરીને બબલુની પાછળ દોડી.

બબલુ વધુ જોરથી ગબડ્યો. ગબડતાં ગબડતાં તે કચરાપેટી પાસે પહોંચી ગયો. કચરાપેટીમાં એક કેળાની છાલ પડી હતી. બબલુ એ છાલ પરથી "સ... સ...ર...ર...ર..." કરતો લપસીને આગળ નીકળી ગયો. તેને લપસવાની મજા આવી. "વાહ! મજા આવી!" બબલુ હસ્યો.

મોતી બિલાડી તો છાલ પર પગ મૂકતાં જ ધમ્મ! કરીને નીચે પડી. મોતીની આંખમાંથી પાણી આવી ગયું. હવે તો બબલું જ્યાં જુઓ ત્યાં ગબડયા જ કરતો હતો. હવે તે ગબડીને ડાઈનિંગ ટેબલ પર પહોંચ્યો. ટેબલ પર દૂધનો ગ્લાસ પડ્યો હતો. બબલુએ ગ્લાસને ધીમેથી ટક્કર મારી. ટન!

ગ્લાસ થોડો હલ્યો, પણ પડ્યો નહીં.

"બચાવ! બચાવ!" બબલુ ચીસો પાડવા લાગ્યો.

અવાજ સાંભળીને મમ્મી રસોડામાં આવ્યા. એમણે જોયું કે એક બટાકો ફ્લોર પર ગબડી રહ્યો છે અને બાજુમાં મોતી બિલાડી મોઢું ચડાવીને બેઠી છે.

મમ્મી હસી પડ્યાં. એમણે બબલુને ઉપાડી લીધો અને બોલ્યાં, "ઓહ, તો તું અહીં ગબડમ ગબડા કરે છે એમ ને!"

મમ્મીએ બબલુને પકડ્યો અને એને પાછો ફરી કબાટમાં મૂકી દીધો. બબલુ બટાકો ફરી શાંતિથી બેસી ગયો, પણ એના મનમાં હજીયે ગબડવાની મજા તાજી હતી.


રે વાર્તા!
મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# જસદણ-આટકોટ ફોરલેન રોડ પર ગમખ્વાર અકસ્માતમાં મહાસતીજી કાળધર્મ પામ્યા

જસદણ, તા.૦૯

રાજકોટ જિલ્લાના જસદણ-આટકોટ ફોરલેન રોડ પર આજે વહેલી સવારે એક અત્યંત કરુણ અકસ્માત સર્જાયો હતો. સુરત વિસ્તારમાંથી ૧૯ જેટલા જૈન મહાસતીજીઓનો સંઘ જસદણ વિહાર કરીને જૂનાગઢ તરફ જઈ રહ્યો હતો. જસદણમાં રાત્રે રોકાયા બાદ વહેલી સવારે ૬-૩૦ વાગ્યાની આસપાસ તેઓ આટકોટ રોડ પર આગળ વધી રહ્યા હતા. આ દરમિયાન, મગફળી ભરીને જતું એક ટ્રેક્ટર આગળ જઈ રહ્યું હતું. પાછળથી પૂરઝડપે આવી રહેલી એક કારના ચાલકે ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારી હતી. કારની ટક્કરને કારણે ટ્રેક્ટર પલટી ખાઈને વિહાર કરી રહેલા જૈન મહાસતીજીના સંઘ પર પડ્યું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં શ્રુનિધિ મહાસતીજી (ઉ.વ.૪૦) ઘટનાસ્થળે જ કાળધર્મ પામ્યા હતા. ટ્રેક્ટર પલટી ખાતા મગફળીની બોરીઓ મહાસતીજી ઉપર પડતાં તેમનું નિધન થયું હતું. આ ઉપરાંત, ધર્મપ્રજ્ઞા મહાસતીજી અને વૃદ્ધિ મહાસતીજી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક આટકોટની કે.ડી. પરવાડીયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.


તસવીર : કૃણાલ પોપટ

# ભાગેડુ લગ્ન નોંધણી પ્રક્રિયા અને અનામત બાબતે પાટીદાર આગેવાનોએ સરકાર સાથે બેઠક યોજી

ગાંધીનગર,તા.૯

પાટીદાર સમાજના યુવા આગેવાનો, જેમાં દિનેશ બાંભણિયા, એસપીજી પ્રવક્તા પૂર્વીન પટેલ અને વરુણ પટેલ સહિતના નેતાઓનો આજે સચિવાલય ખાતે નાયબ મુખ્યમંત્રી અને કાયદા મંત્રીને મળ્યા હતા. આ બેઠક મુખ્યત્વે બે મુદ્દાઓ ભાગેડુ લગ્ન પ્રથા' (ફરાર થઈને કરાતા લગ્ન)માં સુધારો અને સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામત લાગુ પાડવાની માગ પર કેન્દ્રિત હતી. નાયબ મુખ્યમંત્રી સાથેની બેઠક પૂર્ણ થયા બાદ, પાટીદાર આગેવાન દિનેશ બાંભણિયાએ જણાવ્યું હતું કે, સમાજ દ્વારા લગ્ન નોંધણી પ્રથામાં ફેરફાર કરવા માટે મહત્ત્વપૂર્ણ રજૂઆતો કરવામાં આવી છે. તમામ લગ્ન નોંધણી પ્રક્રિયાને ઓનલાઈન કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. દિનેશ બાંભણિયાએ એવો પણ આક્ષેપ કર્યો કે તલાટીઓ દ્વારા બોગસ લગ્ન નોંધણીનું રેકેટ ચાલી રહ્યું છે. આ મામલે ગૃહમંત્રીએ આવા તલાટીઓ સામે કડક પગલાં લેવા માટે આદેશ આપ્યા હોવાની જાણકારી તેમને આપી હતી. આ બેઠક પાટીદાર ચિંતન શિબિરમાં 'ભાગેડુ લગ્ન પ્રથા' વિરુદ્ધ થયેલી ચર્ચાના અનુસંધાનમાં યોજાઈ હતી, અને અગાઉ પણ સમાજે આ અંગે મંત્રણાઓ કરી છે. અન્ય એક મહત્ત્વના મુદ્દા પર, પાટીદાર આગેવાન વરુણ પટેલે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં ઈડબ્લ્યુએસ કેટેગરીને અનામત આપવા માટે સરકાર સમક્ષ માગણી કરી હતી. હાલમાં ઈડબ્લ્યુએસ કેટેગરીને અનામત માત્ર શિક્ષણ અને રોજગારના ક્ષેત્રોમાં જ લાગુ છે. વરુણ પટેલે માગ કરી છે કે અન્ય પછાત વર્ગ અનામતની જેમ જ ઈડબ્લ્યુએસને પણ સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં અનામત મળવું જોઈએ.

# પ્રથમ ટી-૨૦ મેચમાં ભારતે સાઉથ આફ્રિકાને ૧૦૧ રનથી હરાવ્યું

નવી દિલ્હી, તા.૦૯



કટકના બારાબાતી સ્ટેડિયમમાં રમાઈ રહેલી પ્રથમ ટી-૨૦ મેચમાં ભારતે સાઉથ આફ્રિકાને ૧૭૬ રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જેના જવાબમાં સાઉથ આફ્રિકા ૭૪ રન બનાવી ઓલ આઉટ થઈ ગયું હતું. ભારતીય બોલરોની શાનદાર પ્રદર્શનને કારણે દક્ષિણ આફ્રિકાની ટીમની હાલત કફોડી બની હતી. ખાસ કરીને જસપ્રીત બુમરાહે તેના ટી-૨૦ કરિયરમાં ૧૦૦ વિકેટ પૂરી કરીને એક નવો માઈલસ્ટોન સ્થાપિત કર્યો છે. તેણે ડેવાલ્ડ બ્રેવિસ અને કેશવ મહારાજને પેવેલિયન મોકલી દીધા હતા. અગાઉ, અર્શદીપ સિંહ અને અક્ષર પટેલે પણ મહત્વની વિકેટો લીધી હતી. ભારત તરફથી ભારતે હાર્દિક પંડ્યાની ફિફ્ટીના દમ પર ૬ વિકેટ ગુમાવીને ૧૭૫ રન બનાવ્યા હતા. જવાબમાં મહેમાન ટીમ ૭૪ રન બનાવીને જ ઓલઆઉટ થઈ ગઈ હતી.

# અમદાવાદના સોલામાં મસાજ પાર્લરની આડમાં ચાલતો દેહવ્યાપાર ઝડપાયો, ૮ મહિલાઓ અને ૪ આરોપીઓ સામે ગુનો

અમદાવાદ,તા,૯




અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની એએચટીયુ ટીમે સોલા વિસ્તારમાં આવેલા વિવાન્તા ઈન્ટરનેશનલ સ્પામાં દરોડો પાડ્યો અને એક વેશ્યાવૃત્તિ રેકેટનો પર્દાફાશ કર્યો. માહિતીમાં જાણવા મળ્યું છે કે સ્પાના મેનેજર અને માલિક, નાણાકીય લાભ માટે પ્રેરિત, મસાજ પાર્લરની આડમાં ગેરકાયદેસર દેહવ્યાપાર રેકેટ ચલાવી રહ્યા હતા. પોલીસે મેનેજર અને ત્રણ માલિકો સામે કેસ નોંધ્યો છે અને તપાસ શરૂ કરી છે. નોંધપાત્ર રીતે, દરોડા દરમિયાન સ્પામાંથી કુલ આઠ મહિલાઓ મળી આવી હતી. પોલીસને માહિતી મળી હતી કે વૈષ્ણોદેવી સર્કલ નજીક રનસ્કેપ બિલ્ડિંગના પહેલા માળ સ્થિત વિવાન્તા ઈન્ટરનેશનલ સ્પામાં બોડી મસાજની આડમાં દેહવ્યાપાર રેકેટ ચલાવવામાં આવી રહ્યું છે. આ માહિતીના આધારે, AHTU એ દરોડો પાડ્યો. પોલીસે એક ડમી ગ્રાહક બનાવ્યો. તેને એક મહિલાને સેક્સ માટે મંગાવવા અને કિંમત પર સંમત થયા પછી ફોન પર જાણ કરવાની સૂચના આપવામાં આવી હતી.

# વસ્તી ગણતરીની તૈયારીઓ શરૂ કરવા બધા રાજ્યોને ૧૫ જાન્યુ.સુધીમાં સ્ટાફ નિયુક્ત કરવાનો આદેશ

નવીદિલ્હી,તા.૯

ભારતના રજિસ્ટ્રાર જનરલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં વસ્તી ગણતરીના કર્મચારીઓની નિમણૂક પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે. મોટા પાયે ડેટા સંગ્રહ માટે વસ્તી ગણતરી સ્ટાફ જવાબદાર છે. આ અંગે એક પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. પરિપત્રમાં જણાવાયું છે કે વસ્તી ગણતરી દરમિયાન ડેટા એકત્રિત કરવા માટે ગણતરીકારો અને સુપરવાઈઝર જવાબદાર રહેશે. પરિપત્ર મુજબ, "એક ગણતરીકારને આશરે ૭૦૦-૮૦૦ લોકોની વસ્તી ગણતરી કરવાનું કાર્ય સોંપવામાં આવશે, અને દરેક છ ગણતરીકર્તાઓ માટે એક સુપરવાઈઝરની નિમણૂક કરવામાં આવશે. વધુમાં, કોઈપણ કટોકટી માટે ૧૦ ટકા અનામત ગણતરીકાર અને સુપરવાઈઝર રહેશે." રજિસ્ટ્રાર જનરલે જણાવ્યું હતું કે, શિક્ષકો, કારકુનો અથવા રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટના કોઈપણ અધિકારીને ગણતરીકાર તરીકે નિયુક્ત કરી શકાય છે.

# કોડીનારના સિંધાજ ગામે બે સિંહોએ હુમલો કરતા યુવાન ઈજાગ્રસ્ત

કોડીનાર,તા.૦૯



કોડીનાર તાલુકાના સિંધાજ ગામે જંગલી પ્રાણીઓના વધતા આતંક વચ્ચે ધોળા દિવસે બે નર સિંહોએ ૩૫ વર્ષીય રમેશભાઈ લખાભાઈ વાઢેર પર જીવલેણ હુમલો કર્યો હતો. રમેશભાઈ પોતાની વાડીએથી ગોળનો ડબ્બો લેવા રોડ પાર કરી રહ્યા હતા ત્યારે અચાનક બંને સિંહોએ હુમલો કર્યો હતો. હુમલામાં તેમની પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જોકે, રમેશભાઈએ હિંમત દાખવી બુમાબુમ કરતા સિંહો ત્યાંથી ભાગી ગયા હતા. ઘટનાની જાણ થતાં ગ્રામજનો દોડી આવ્યા તથા ઈજાગ્રસ્તને તાત્કાલિક કોડીનારની રા.ના. વાળા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો. વિભાગે સર્વે કરીને પાંજરા મુકાવ્યા છે. પ્રાથમિક અનુમાન મુજબ, બંને સિંહો મેટિંગ પિરિયડમાં હોવાથી આ ઘટના બની હોવાનું જણાવાયું છે.

**પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરતા નરાધમ આરોપી ઝડપાયો, કડકમાં કડક સજા થાય તેવી માંગ**

# જસદણના આટકોટમાં નિર્ભયાકાંડ: છ વર્ષની માસુમ બાળકી પર દુષ્કર્મ

જસદણ,તા.૦૯

જસદણ પંથકમાં આટકોટ પાસે દિલ્હીના નિર્ભયાકાંડ જેવી ઘટના બનતા સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. અહીં સીમ વિસ્તારમાં ખેતમજુરી કામ કરનાર પરિવારની ૬ વર્ષની બાળકી ઉપર નરાધમે ક્રુરતાપૂર્વક દુષ્કર્મ આચર્યા બાદ તેના ગુપ્તાંગમાં સળિયા જેવું હથિયાર ઘુસાડી દેતા બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. જેથી તેને સારવાર માટે રાજકોટની ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા શોધખોળ શરૂ કરી છે. બીજી તરફ આ ઘટનાના પગલે નરાધમ પ્રત્યે ફિટકારની લાગણી વરસી છે. મૂળ દાહોદ પંથકના શ્રમિક પરિવારની દીકરી સાથે આ ઘટના બની હતી. જેમાં ગત તા.૪ ના પરિવાર વાડીએ કામ કરી રહ્યો હતો. ત્યારે તેમની ૬ વર્ષની દીકરી વાડી પાસે રમી રહી હતી. દરમિયાન કોઈક અજાણ્યા શખ્સે તેના પર હેવાનીયત આચરી હતી. આ માસુમ બાળકીને કણસતી હાલતમાં છોડી નરાધમ અહીંથી નાસી ગયો હતો. બાળકી આસપાસ નજરે ન પડતા પરિવારજનો તેની શોધખોળ કરતા હતા. દરમિયાન ત્યાં ખેતરમાં નજીકમાંથી દીકરી લોહીલુહાણ હાલતમાં મળી આવતા પરિવારજનો ચોંકી ગયા હતા. ત્યારબાદ બાળકીને ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવી હતી અને હાલ તેની અહીં સારવાર ચાલુ છે. પોલીસે નરાધમ આરોપીને ઝડપી પાડી કડક કાર્યવાહી હાથ ધરી છે.

**ગુપ્તાંગમાં હથિયાર ઘુસાડયું, લોહીલુહાણ હાલતમાં બાળાને સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવી**

# કોડીનારની છાછર પે. પ્રાથમિક શાળાના બાળ વૈજ્ઞાનિકો હવે રાજ્ય કક્ષાએ પોતાની કૃતિ રજૂ કરશે

કોડીનાર,તા.૦૯



કોડીનાર તાલુકાની છાછર પે. સેન્ટર પ્રાથમિક શાળાએ વિજ્ઞાન ક્ષેત્રે ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે. જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા આંકોલવાડી ખાતે આયોજિત જિલ્લા કક્ષાના ગણિત—વિજ્ઞાન પ્રદર્શનમાં આ શાળાના બાળ વૈજ્ઞાનિકોએ ડંકો વગાડ્યો છે. આ પ્રદર્શનમાં છાછર પ્રાથમિક શાળાની "ઈકો ફ્રેન્ડલી પ્લાસ્ટિક" કૃતિએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિના આધારે હવે છાછર પે. શાળાના બાળ વૈજ્ઞાનિકો આગામી દિવસોમાં યોજાનાર રાજ્ય કક્ષાના પ્રદર્શનમાં પોતાની અનોખી કૃતિ રજૂ કરશે.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૭૧/૨૦૨૫ તા.૦૮/૧૨/૨૦૨૫
અરજદારશ્રી:- ૧. સાવલીયા વિઠલભાઈ પરશોતમભાઈ
રહે.અમૃતવેલ, તા.સાવરકુંડલા, જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી અમૃતવેલ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર સાવલીયા રમેશભાઈ વિઠલભાઈનો જન્મ તા.૦૭/૧૨/૧૯૭૭ ના રોજ મુ.અમૃતવેલ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૭૨/૨૦૨૫ તા.૦૮/૧૨/૨૦૨૫
અરજદારશ્રી:- ૧. સાવલીયા વિઠલભાઈ પરશોતમભાઈ
રહે.અમૃતવેલ, તા.સાવરકુંડલા, જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી અમૃતવેલ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી સાવલીયા રસિલાબેન વિઠલભાઈનો જન્મ તા.૧૩/૦૬/૧૯૮૦ ના રોજ મુ.અમૃતવેલ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## CHANGE OF NAME

I Undersigh I DHAMAT VINUBHAI VASHRAM have changed my name from DHAMAT VINU VASHRAM To DHAMAT VINUBHAI VASHRAMBHAI (New)
Now i will be known as
DHAMAT VINUBHAI VASHRAMBHAI (New)
Sigh :DHAMAT VINUBHAI VASHRAMBHAI
Address: AT- LILIYA MOTA,
DIST- AMRELI

## CHANGE OF NAME

I Undersigh I SORATHIYA HITESHBHAI RAVATBHAI have changed my name from SORATHIYA HITESHKUMAR RAVATBHAI To SORATHIYA HITESHBHAI RAVATBHAI
Now i will be known as
SORATHIYA HITESHBHAI RAVATBHAI
Sigh :SORATHIYA HITESHBHAI RAVATBHAI
Address: PLOT NO-10, ANGEL RESIDENCY,
LATHI ROAD, AT-AMRELI, DIST-AMRELI-365601

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૫૫/૨૦૨૫ તા.૦૮/૧૨/૨૦૨૫
અરજદારશ્રી:- ૧. ગરણીયા જાનાબેન હરસુરભાઈ
રહે.વાંશીયાળી, તા.સાવરકુંડલા, જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી વાંશીયાળી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ગરણિયા રણજીતભાઈ હરસુરભાઈનો જન્મ તા.૨૧/૦૫/૧૯૮૧ ના રોજ મુ.વાંશીયાળી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૫૩/૨૦૨૫ તા.૦૨/૧૨/૨૦૨૫
અરજદારશ્રી:- ૧. પરમાર બાબુભાઈ વેલજીભાઈ
રહે.થોરડી તા. સાવરકુંડલા જી. અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧.તલાટી કમ મંત્રીશ્રી થોરડી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી પરમાર ભારતીબેન બાબુભાઈનો જન્મ તા.૦૪/૧૦/૧૯૮૨ ના રોજ મુ. થોરડી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૦૦/૨૦૨૫
અરજદારશ્રી:- સારોલા મનુભાઈ કેશુભાઈ,
રે.કરજાળા, તા. સાવરકુંડલા જી. અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તકમશ્રી કરજાળા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાના ભાઈ સારોલા ધીરૂભાઈ કેશુભાઈનું મરણ તા.૧૮/૧૦/૨૦૦૬ ના રોજ મુ. કરજાળા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૫૮/૨૦૨૫ તા.૦૨/૧૨/૨૦૨૫
અરજદારશ્રી:- ૧. રાદડીયા કાળુભાઈ કાનજીભાઈ
રહે.હિપાવડલી તા.સાવરકુંડલા જી. અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી હિપાવડલી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી રાદડીયા ભારતીબેન કાળુભાઈનો જન્મ તા.૨૯/૧૨/૧૯૮૫ ના રોજ મુ.હિપાવડલી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# રાજકોટની જેલમાં ખેડૂતોને મળવા દેવામાં ન આવતા કેજરીવાલના ભાજપ પર પ્રહારો

રાજકોટ,તા.૦૯

રાજકોટમાં ૩ દિવસીય પ્રવાસ દરમિયાન આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને જેલમાં બંધ ખેડૂતો અને પાર્ટી નેતાઓને મળવાની મંજૂરી ન આપતાં ગુજરાત ભાજપ સરકાર પર તીખા પ્રહારો કર્યા છે. તેમણે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે "હું શું આતંકવાદી છું? કેમ મને મારા જ ગુજરાતના ખેડૂતોને મળવા ન દેવામાં આવ્યો?" અને અંગ્રેજી શાસન સાથે સરખાવીને ભાજપને "અંગ્રેજો કરતાં વધુ તાનાશાહી" કહ્યા, જ્યારે કડદાપ્રથા વિરુદ્ધ લાઠીચાર્જમાં ૮૮માંથી માત્ર ૪૨ ખેડૂતોને જામીન



મળ્યા અને જેલમાં પહેલા ૨૪ કલાક પાણી પણ ન આપ્યું એવા આક્ષેપો પણ કર્યા. રાજકોટમાં આયોજિત પત્રકાર પરિષદમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે ગુજરાતની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે "ગુજરાતની ભાજપ સરકાર તાનાશાહીનું જીવંત ઉદાહરણ છે. મને જેલમાં બંધ ગુજરાતના જ ખેડૂતો અને પાર્ટીના નેતાઓને મળવા જવા દેવામાં આવ્યો નથી. હું શું આતંકવાદી છું? કેમ મને મળવા જવા ન દેવામાં આવ્યો?" કેજરીવાલે આગળ જણાવ્યું કે "આ ખેડૂતો ગુજરાતના જ છે, જેમણે પોતાના હક માટે આંદોલન કર્યું છે અને તેમને મળવા જવું એ મારો અધિકાર છે, પરંતુ સરકારે એ પણ છીનવી લીધો છે." આ નિવેદનથી રાજકીય વાતાવરણ વધુ ગરમાયું છે.

# ભાવનગર એસ.ટી. વર્કશોપમાંથી મસમોટો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભાવનગર,તા.૦૯

ભાવનગરના નીલમબાગ પોલીસ સ્ટેશનના સ્ટાફે શહેરના એસ.ટી. વર્કશોપમાં રેડ કરીને ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે વિવિધ લોખંડની પેટીઓ અને થેલાઓમાંથી કુલ રૂ.૧,૪૨,૭૫૦ ની કિંમતની ૯૦ નંગ મોટી બોટલો, ૧૮ નંગ નાની બોટલો/ચપટા અને ૧ બિયર ટીન સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે સિક્યુરિટી ગાર્ડને ઝડપી લીધો હતો. જ્યારે દિવની બસના ૩ ડ્રાઈવરો અને ૧ કંડક્ટર, બરોડા બસના ૨ ડ્રાઈવરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન



કર્યા છે. પોલીસ કોન્સ્ટેબલ કુલદિપસિંહ રાણા તથા સર્વેલન્સ સ્ટાફને બાતમી મળી હતી કે એસ.ટી. વર્કશોપ ખાતે લોખંડની પેટીઓમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો છે. બાતમીના આધારે, નીલમબાગ પોલીસે ડેપો મેનેજર સંદિપ ધીરજભાઈ સુથારને સાથે રાખી બે પંચોની હાજરીમાં વર્કશોપના દક્ષિણ ભાગમાં રેડ કરી હતી. પોલીસે ખુલ્લામાં પડેલી અને તાળા મારેલી વિવિધ કલરની લોખંડની પેટીઓના તાળા તોડ્યા હતા. આ ઉપરાંત, મીકેનિક ટોયલેટ બ્લોકના બાથરૂમનો દરવાજો તોડીને પણ બે કાપડના થેલા જપ્ત કર્યા હતા. આ પેટીઓ અને થેલાઓમાંથી રોયલ સ્ટેગ, બ્લેન્ડર્સ પ્રાઈડ, ઓલ્ડ મન્ક, સિગ્નેચર અને બેગપાઈપર જેવી બ્રાન્ડનો દારૂ મળી આવ્યો હતો.

# દ્વારકામાં રખડતા પશુઓના મામલે હાઈકોર્ટની પાલિકાને કામગીરી રજૂ કરવા સૂચના આપી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૯

દ્વારકા શહેરમાં વધતા રખડતા પશુઓના ત્રાસને લઈને ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ થતાં, આ મામલે હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. અરજદારના જણાવ્યા મુજબ શહેરમાં લગભગ ૨ હજાર જેટલા રખડતા પશુઓ મુકતપણે ફરતા હોવાથી સ્થાનિકો અને પર્યટકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. હાઈકોર્ટે દ્વારકા નગરપાલિકાના ચીફ ઓફિસરને તાત્કાલિક નોંધપાત્ર પગલાં અને



અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરીની વિગત રજૂ કરવાની સૂચના આપી છે. ચીફ ઓફિસરે કોર્ટને જણાવ્યું કે દ્વારકામાં રખડતા પશુઓને પકડવાની પ્રક્રિયા સતત ચાલી રહી છે અને સમયાંતરે સ્પેશિયલ ડ્રાઈવ પણ હાથ ધરવામાં આવે છે.

# ભાવનગરમાંથી દેશના સૌથી મોટા સાયબર ક્રાઈમ રેકેટનો પર્દાફાશ, બેન્કમાં ૧૧૦ નકલી ખાતા ખોલવામાં આવ્યા હોવાનો ખુલાસા

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૯

રાજ્યમાં અત્યાર સુધીના સૌથી મોટા સાયબર ક્રાઈમ ઓપરેશનમાં, ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે એક મોટા આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. ભાવનગરથી કાર્યરત આ રેકેટે મ્યુલ બેંક એકાઉન્ટ્સ, એક આંગડિયા કંપની અને એક ક્રિપ્ટોકરન્સી વોલેટ દ્વારા ૭૧૯



કરોડનો વ્યવહાર કર્યો હતો. આ કેસમાં ભાવનગરની એક ખાનગી બેંકના બે કર્મચારીઓ સહિત કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ કૌભાંડ દુબઈ અને ચીન સ્થિત કુખ્યાત સાયબર સિન્ડિકેટ સાથે જોડાયેલું છે. પોલીસ તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે કે આ ગેંગ ૨૬ રાજ્યો અને પાંચ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સક્રિય હતી. ભાવનગરમાં ઈન્ડસઈન્ડ બેંક શાખામાં ૧૧૦ નકલી ખાતા ખોલવામાં આવ્યા હતા. સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા લોકોના પૈસા આ મ્યુલ ખાતાઓમાં જમા કરવામાં આવ્યા હતા. આ પૈસા રોકડમાં ઉપાડવામાં આવ્યા હતા.

# ચકચારી રાજકુમાર જાટ શંકાસ્પદ મૃત્યુ કેસમાં ગણેશ ગોંડલનો ગાંધીનગર ખાતે નાર્કો ટેસ્ટ થશે



રાજકોટ,તા.૯

રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતેના ચકચારી રાજકુમાર જાટ શંકાસ્પદ મૃત્યુ કેસમાં ગણેશ જાડેજાનો નાર્કો એનાલિસિસ ટેસ્ટ કરાવવામાં આવશે. જો કે, હવે આ મામલે મોટા સમાચાર આવ્યા છે. ગણેશ જાડેજા ઊર્ફે ગણેશ ગોંડલનો નાર્કો ટેસ્ટ ગાંધીનગર એફએસએલ ખાતે થશે. આથી, ગણેશ ગોંડલને ગાંધીનગર એફએસએલ લાવવામાં આવ્યા છે.એફએસએલ ખાતે ૪ દિવસ સુધી અલગ-અલગ પ્રાઈમરી ટેસ્ટ કરાશે. પ્રાઈમરી ટેસ્ટના રિપોર્ટના આધારે નાર્કો ટેસ્ટ અંગે નિર્ણય લેવાશે એવી માહિતી હાલ સામે આવી છે.

# રાજકોટમાં સતત બીજા દિવસે ઠક્કરબાપા વિસ્તારમાં રહેતા યુવકની છરીના ઘા ઝીંકી હત્યા થતા ખળભળાટ

**યુવકની હત્યા થઈ હોવાની જાણ થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો**

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૯

શહેરમાં સતત બીજા દિવસે વધુ એક હત્યાનો બનાવ બન્યો હોવાની ઘટના સામે આવી છે. પરમદિવસે રવિવારે પ્રેમલગ્ન કરનાર પરિણીતાની તેના જ પતિ દ્વારા ઘાતકી હત્યા બાદ ગઈકાલે સોમવારે રાજકોટમાં ૧૮ વર્ષીય યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી છે. ત્યારે સતત બે દિવસમાં બે હત્યાથી આખું શહેર હચમચી ઉઠ્યું છે, ત્યારે જે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસતા પોલીસે પણ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. વિગતવાર વાત કરીએ તો રાજકોટ શહેરના ભીલવાસ ઠક્કરબાપા વિસ્તારમાં સ્થિત હરિજનવાસમાં રહેતા ૧૮ વર્ષીય ધાર્મિક ઉર્ફે ધલુ મકવાણા નામના યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા થઈ હતી. જે સમગ્ર ઘટનાની જાણ થતા તાત્કાલિક અસરથી ડીસીપી, એસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમજ સ્થાનિક પોલીસની ટીમ ઘટના સ્થળ ખાતે દોડી ગઈ હતી.




# ધ્રાંગધ્રાના રામદેવપુર ગામે ગાળો બોલવાની ના પાડતા મિત્રએ જ મિત્રને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો

(એચ.એસ.એલ),સુરેન્દ્રનગર,તા.૯

ધ્રાંગધ્રા તાલુકાના રામદેવપુર ગામની સીમમાં બે મિત્રો વાતચીત કરી રહ્યા હતા, જેમાં એક મિત્રએ બીજા મિત્રને ગાળો આપવાની ના પાડતા બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતા ઉશ્કેરાયેલા મિત્રએ અન્ય મિત્રને છરીના આડેધડ ૪ ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. જો કે આ મામલે



ધ્રાંગધ્રા તાલુકા પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યારા મિત્રને દબોચી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. સુત્રોના જણાવ્યા અનુસાર સુરેન્દ્રનગર જિલ્લામાં અવારનવાર સામાન્ય બાબતોમાં હત્યાના બનાવો બની રહ્યાં છે ત્યારે વધુ એક આવો જ બનાવ સામે આવ્યો છે. પરંતુ આ બનાવમાં મિત્રના હાથે મિત્રની હત્યા થતા સંબંધોમાં સૌથી વધુ ઊંચા એવા મિત્રતાના સંબંધની હત્યા થઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# વડોદરા નજીક ફિટનેસ સેન્ટરનું કૌભાંડ સામે આવ્યું, ૨૯ વાહનોને ખોટા સર્ટિફિકેટ અપાયા હોવાનું ખુલ્યુ

(એચ.એસ.એલ),વડોદરા,તા.૯

વડોદરા નજીક સાંકરદા ગામમાં આવેલા એમડી મોટર્સ ફિટનેસ સેન્ટરનું લાઈસન્સ ખોટા ફિટનેસ સર્ટિફિકેટ આપવા બદલ છ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. તપાસમાં બહાર આવ્યું છે કે ઓપરેટરે ૨૯ વાહનોને ખોટા ફિટનેસ સર્ટિફિકેટ આપ્યા હતા. આ ખોટા સર્ટિફિકેટ ટ્રાન્સપોર્ટ ઓફિસમાં નોંધાયેલા વાહનો જોયા




વિના પણ આપવામાં આવ્યા હતા. એમડી મોટર્સનું નિરીક્ષણ કર્યા પછી આ કાર્યવાહી કરવામાં આવી હતી.

એવું પણ જાણવા મળ્યું છે કે ખોટા સર્ટિફિકેટ ધરાવતા મોટાભાગના વાહનો રાજ્ય બહારના છે. અન્ય વાહન ફિટનેસ સેન્ટરોમાં પણ ગેરરીતિઓ થઈ રહી હોવાની શંકા છે. લોકોએ અન્ય સેન્ટરો સામે પણ તપાસ અને યોગ્ય કાર્યવાહીની માંગ કરી છે.

હાલમાં, વડોદરામાં પાંચ ખાનગી ફિટનેસ સેન્ટર કાર્યરત છે. ૧,૦૦૦ ની ફિટનેસ ફી વસુલવામાં આવે છે, પરંતુ ખોટા સર્ટિફિકેટ માટે હજારો રૂપિયા વસુલવામાં આવતા હતા. ખાનગીકરણને કારણે, આ સેન્ટરો કમિશનર ઓફિસ હેઠળ આવે છે, તેથી સ્થાનિક પ્રાદેશિક ઓફિસ સીધી કાર્યવાહી કરી શકતી નથી.







